સુવિચાર
મહેનત કરવી એ જ સાચો ઉપાય છે સફળતા મેળવવાનો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



ભગવતીપરામાં પરીણીતાને પતિએ જ મોતને ઘાટ ઉતાર્યાની કબુલાત P-4

Year-16, Issue-190 ■ DATE : 25-11-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અયોધ્યામાં રામ મંદિરના શિખર પર લહેરાઈ ધર્મધ્વજા





**મુખ્ય સમાચાર, અયોધ્યા**

આજે ઉત્તર પ્રદેશના અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં ધ્વજા ચડાવવામાં આવી હતી. નવા મંદિરના નિર્માણ બાદ શિખર વિના જ ગયા વર્ષે મંદિરમાં દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. હવે શિખર સાથે આખું મંદિર બનીને તૈયાર થયું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મંદિરના શિખર પર ધ્વજારોહણ કર્યું હતું. ખાસ વાત એ છે કે શિખર પર લગાવવામાં આવેલો ધ્વજ દંડ અને ધ્વજા બંને અમદાવાદમાં બનાવવામાં આવ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'સિયાવર રામચંદ્ર કી જય...'ના ઉદઘોષ સાથે સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે 'આજે અયોધ્યા નગરી દેશની સાંસ્કૃતિક ચેતનાના વધુ એક ઉત્કર્ષ બિંદુની સાક્ષી બની છે. આજે સંપૂર્ણ ભારત અને અને સંપૂર્ણ વિશ્વ રામમય છે. દરેક રામભક્તના હૃદયમાં આજે અદ્વિતીય સંતોષ અને અપાર અલૌકિક આનંદ છે. સદીઓના ઘા હવે રુઝાઈ રહ્યા છે. સદીઓની વેદનાને આજે વિરામ મળી રહ્યો છે. સદીઓના સંકલ્પ આજે સિદ્ધ થઈ રહ્યા છે. આજે તે યજ્ઞની પૂર્ણાહુતિ છે જેની અગ્નિ ૫૦૦ વર્ષ સુધી પ્રજ્વલિત રહી.'

## નરેન્દ્ર મોદીએ કર્યુ ધ્વજારોહણઃ ૫૦૦ વર્ષના યજ્ઞની પૂર્ણાહુતિ, ભારતીય સભ્યતાનું પુનઃજાગરણઃ વડાપ્રધાનનું સંબોધન

ધર્મ ધ્વજા અંગે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'આજે ગર્ભગૃહની અનંત ઊર્જા આ ધર્મ ધ્વજાના રૂપે પ્રતિષ્ઠાપિત થઈ છે. આ ધર્મધ્વજા સામાન્ય ધ્વજા નથી, પરંતુ ભારતીય સભ્યતાના પુનઃજાગરણની ધજા છે. આ ધ્વજા સંઘર્ષથી સર્જનની ગાથા છે. આ ધ્વજા સદીઓ જૂના સપનાઓનું સાકાર સ્વરૂપ છે. આગામી સહસ્ત્ર સદીઓ સુધી પ્રભુ રામના આદર્શોનું ઉદઘોષ કરશે. હું આજે તે તમામ ભક્તો, દાનવીર, શ્રમવીર, યોજનાકાર અને વાસ્તુકારને પ્રણામ અને અભિનંદન કરું છું. અયોધ્યા તે ભૂમિ છે જ્યાં આદર્શ આચરણમાં બદલાય છે. અયોધ્યાએ સંસારને બતાવ્યું કે એક વ્યક્તિ કેવી રીતે સમાજની શક્તિ અને સંસ્કારથી પુરુષોત્તમ બને છે. શ્રીરામ અયોધ્યાથી વનવાસ માટે ગયા ત્યારે તેઓ યુવરાજ હતા પરંતુ પરત આવ્યા ત્યારે મર્યાદા પુરુષોત્તમ બનીને આવ્યા.'

વિકસિત ભારતના નિર્માણ અંગે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'છેલ્લા ૧૧ વર્ષમાં મહિલા, દલિત, આદિવાસી, યુવા, ખેડૂતો, શ્રમિક સહિત દરેક વર્ગને વિકાસના કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. દરેક ક્ષેત્ર સશક્ત થશે ત્યારે સંકલ્પની સિદ્ધિમાં સૌ કોઈના પ્રયાસ લાગશે. આપણે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવું પડશે. આપણે આગામી ૧ હજાર વર્ષો માટે ભારતનો પાયો મજબૂત કરવો છે. જે માત્ર વર્તમાનનું વિચારે તે આગામી પેઢી સાથે અન્યાય કરે છે. આપણે નહોતા ત્યારે પણ દેશ હતો અને જ્યારે આપણે નહીં હોઈએ ત્યારે પણ દેશ રહેશે.'

અયોધ્યાની વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, 'આજે, અયોધ્યા શહેર ભારતના સાંસ્કૃતિક જાગૃતિના બીજા એક ક્ષણનું સાક્ષી બની રહ્યું છે. આજે આખું ભારત, આખું વિશ્વ રામમય બની ગયું છે. આજે રામ ભક્તોના હૃદયમાં અનંત આનંદ છે. સદીઓ જૂના ઘા રૂઝાવાની સાથે, સદીઓ જૂના સંકલ્પો પણ પૂર્ણ થઈ રહ્યા છે. આજે એક યજ્ઞનો અંતિમ અર્પણ છે જેની આગ પાંચસો વર્ષથી સળગી રહી છે. આજે, ભગવાન શ્રી રામના ગર્ભગૃહની અનંત ઊર્જા સ્થાપિત થઈ છે. આ ધર્મધ્વજ ઇતિહાસના સુંદર જાગૃતિનો રંગ છે. તેનો ભગવો રંગ, સૂર્યવંશનો વારસો, રામરાજ્યનો મહિમા ધરાવે છે. આ ધ્વજ એક સંકલ્પ છે, તે સિદ્ધિ માટે સંકલ્પની ભાષા છે, તે સદીઓ જૂના સંઘર્ષની સિદ્ધિ છે. આ ધર્મધ્વજ ઘોષણા કરશે ભગવાન શ્રી રામના આદર્શો, તે સત્યમેવ જયતેની ઘોષણા કરશે.'

શ્રી રામ મંદિરના શિખર પર ધ્વજારોહણ બાદ આરઅરએસના વડા મોહન ભાગવતે કહ્યું કે, 'ઘણાં રામ ભક્તોએ આ દિવસ માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું. મંદિર બનાવવામાં પણ સમય લાગે છે. આ ધર્મ ધ્વજ છે. તે કેસરી રંગનો છે. આ ધર્મ ધ્વજ પર કોવિદાર વૃક્ષ છે, જે રઘુકુળનું પ્રતીક છે. કોવિદાર વૃક્ષ બે પવિત્ર વૃક્ષોના ગુણોનું મિશ્રણ છે. આપણે ધર્મ ધ્વજને શિખર સુધી પહોંચાવડો જોઈએ.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૯/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૮/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |




| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૨૭,૦૯૦ | ₹૧,૬૨,૯૦૦ |
| | +૧૯૧૦ | -૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૯.૧૪ | ₹૧૧૬.૭૫ |

# અફઘાનિસ્તાન પર પાક.નો હવાઈ હુમલોઃ ૧૦ના મોત



**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના પેશાવરમાં થયેલા આત્મઘાતી હુમલામાં તાલીબાની ત્રાસવાદીઓની સંડોવણી બહાર આવ્યા બાદ પાકિસ્તાને ફરી એક વખત અફઘાનિસ્તાન ઉપર હવાઈ હુમલો કરીને રહેણાંક સહિતના વિસ્તારોમાં જબરી બોમ્બવર્ષા કરતાં ઓછામાં ઓછા દસ લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે.

તાલિબાની સરકારના પ્રવકતાએ જણાવ્યું કે, પાકિસ્તાની સેનાએ નાગરિક વિસ્તારોને નિશાન બનાવ્યા છે અને તેમાં ૯ બાળકો સહિત ૧૦ લોકો માર્યા ગયા છે. અફઘાનિસ્તાનના કુનાર અને અન્ય વિસ્તારોને નિશાન બનાવ્યા છે.

ગત સપ્તાહે પેશાવરમાં પાકિસ્તાનના ટેરેટેરિયલ આર્મીના એક વડા મથક ઉપર આત્મઘાતી હુમલો થયો હતો. જો કે તેમાં ત્રણેય હુમલાખોરને ઠાર મરાયા હતા પરંતુ પાકિસ્તાને આ માટે તાલિબાની સરકારને દોષિત જણાવીને વળતા હુમલોની ચેતવણી આપી હતી અને ગઈરાત્રે પાક. હવાઈ દળના વિમાનોએ કાબુલની આસપાસ બોમ્બવર્ષા કરી હતી. બન્ને દેશો વચ્ચે લાંબા સમયથી આ પ્રકારના હુમલા અને વળતા હુમલા ચાલુ રહ્યા છે.

# તમિલનાડુમાં બે બસ વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં ૬ના મોતઃ ૩૦થી વધુ ઘાયલ

**મુખ્ય સમાચાર, ચેન્નાઇ**



તમિલનાડુ રાજયના તેનકાસી જિલ્લામાં બે બસો સામસામી ટકરાતા આ ગમખ્વાર અકસ્માતમાં છનાં મોત અને ૩૦થી વધુ મુસાફરો ઘાયલ થતા સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. મૃતકોમાં પાંચ મહિલા એક પુરૂષનો સમાવેશ થાય છે.

મળતી વિગત મુજબ તમિલનાડુના તેનકાસી જિલ્લામાં મદુરાઈથી સેનકોટ્ટાઈ જતી બસ કોવિલ પટ્ટી આગળ અન્ય બસ સાથે અથડાતા માર્ગ મુસાફરોની ચીચીયારીથી ગુંજી ઉઠયો હતો.

ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસ દોડી આવી હતી. સ્થળ પર જ બસમાં સવાર પાંચ મહિલા એક પુરૂષના મોત થયા હતા. ૩૦થી વધુ ઘાયલ થતા ૨૫ જેટલી એમ્બ્યુલન્સની મદદથી દવાખાને સારવારમાં ખસેડાયા હતા.

બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢવા જેસીબીની મદદ લઈ પતરા કાપી ઘાયલ મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા. બસમાં ૫૫ જેટલા મુસાફરો મુસ-ાફરી કરતા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં ડ્રાઈવરની બેદરકારીથી અકસ્માત સર્જાયો હોવાની વિગતો ખુલી હતી. પોલીસે ઘટનાના સીસીટીવી ફુટેજ આધારે તપાસ આગળ ધપાવી છે.

# ઉ. ભારતમાં તીવ્ર ઠંડીનો પ્રકોપઃ કાશ્મીરમાં તાપમાનનો પારો માઇનસમાં પહોંચ્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વરસાદ બાદ, ઉત્તર ભારત હવે ઠંડીની ઝપેટમાં આવી ગયું છે. કાશ્મીર ખીણમાં ઘણી જગ્યાએ લઘુત્તમ તાપમાન શૂન્યથી નીચે પહોંચી ગયું છે. પંજાબમાં કેટલાક સ્થળોએ પારો પણ પાંચ ડિગ્રી સેલ્સિયસથી નીચે જઈ રહ્યો છે. દરમિયાન, બંગાળની ખાડીમાં ઓછા દબાણવાળા ક્ષેત્રને કારણે, દક્ષિણ ભારતના ત્રણ રાજ્યો અને તમિલનાડુ સહિત એક કેન્દ્રશાસિત પ્રદેશમાં વરસાદ ચાલુ છે. ભારે વરસાદને કારણે કેટલાક દરિયાકાંઠાના જિલ્લાઓ માટે નારંગી ચેતવણીઓ અને અન્ય માટે પીળી ચેતવણીઓ જારી કરવામાં આવી છે.

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરની ઉનાળાની રાજધાની શ્રીનગરમાં રવિવારે રાત્રે સિઝનની સૌથી ઠંડી રાતનો અનુભવ થયો, તાપમાન માઈનસ ૩.૨ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું. કાશ્મીર ખીણમાં શોપિયા સૌથી ઠંડુ રહ્યું જ્યાં તાપમાન માઈનસ ૫.૧ ડિગ્રી સેલ્સિયસ હતું. પુલવામામાં લઘુત્તમ તાપમાન માઈનસ પાંચ ડિગ્રી સેલ્સિયસ હતું, જ્યારે અનંતનાગમાં માઈનસ ચાર ડિગ્રી સેલ્સિયસ અને ઉત્તર કાશ્મીરના ગુલમર્ગમાં માઈનસ ૧.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.



કાશ્મીરને લદ્દાખ સાથે જોડતા ઝોજિલા પાસ પર પારો માઈનસ ૧૬ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયો હતો.

પંજાબ અને હરિયાણામાં પણ તીવ્ર ઠંડીનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. સોમવારે પંજાબના ફરીદકોટમાં સૌથી ઓછું તાપમાન ૪.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રવિવારે ફરીદકોટ સાત ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડુ સ્થળ રહ્યું. હરિયાણામાં, નારનૌલ સૌથી ઠંડુ સ્થળ હતું જ્યાં લઘુત્તમ તાપમાન ૭.૮ ડિગ્રી સેલ્સિયસ હતું. બંને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશની સંયુક્ત રાજધાની ચંદીગઢમાં લઘુત્તમ તાપમાન ૬.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે ભટિંડામાં પણ સમાન તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે આગામી બે દિવસમાં પમિ બંગાળના લગભગ તમામ જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો થવાની આગાહી કરી છે. ત્યારબાદ તાપમાન બે ડિગ્રી સુધી વધવાની ધારણા છે. દરમિયાન, પશ્ચિમ બંગાળમાં આગામી સાત દિવસ સુધી હવામાન શુષ્ક રહેવાની ધારણા છે. સોમવારે દાર્જિલિંગ રાજ્યનું સૌથી ઠંડુ સ્થળ હતું, જ્યાં લઘુત્તમ તાપમાન ૫.૮ ડિગ્રી સેલ્સિયસ હતું.

સોમવારે પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદ પડ્યો હતો કારણ કે બંગાળની ખાડીમાં એક નીચા દબાણવાળા વિસ્તારે ડિપ્રેશનમાં પરિણમ્યું હતું, જેના કારણે સામાન્ય જનજીવન ભારે ખોરવાઈ ગયું હતું. શાળાઓ અને કોલેજો બંધ રાખવામાં આવી હતી. તમિલનાડુના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગે નારંગી અને પીળી ચેતવણીઓ જારી કરી છે. કેટલાક જિલ્લાઓમાં ભારે પવન અને વીજળી પડવાની પણ આગાહી છે. કેરળના સાત જિલ્લાઓમાં પીળા ચેતવણી વચ્ચે ભારે વરસાદ પડ્યો હતો.

# આગામી સમયમાં લોન વધુ સસ્તી થઇ શકે છે

**મુખ્ય સમાચાર, મુંબઇ**

આગામી સમયમાં તમારી હોમ અથવા કાર લોન સસ્તી થઈ શકે છે. ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ આના સંકેત આપ્યા છે. તેમણે એક મીડિયા ચેનલને આપેલા ઇન્ટરવ્યૂમાં જણાવ્યું કે, રેપો રેટમાં ઘટાડો થવાની સંભાવના હજી પણ રહેલી છે. મલ્હોત્રાએ કહ્યું કે, ઓક્ટોબરમાં યોજાયેલી (મૌદ્રિક નીતિ સમિતિ)ની બેઠકમાં સ્પષ્ટપણે જણાવાયું હતું કે, રેપો રેટમાં ઘટાડાની સંભાવના છે. ત્યારથી અમને જે વ્યાપક આર્થિક આંકડા મળ્યા છે, તેનાથી એવું નથી લાગતું કે વ્યાજ દરોમાં ઘટાડો થવાની સંભાવના ઓછી થઈ છે. ચોક્કસપણે ઘટાડાની સંભાવના છે, પરંતુ આગામી બેઠકમાં આ અંગે કોઈ નિર્ણય લેવાશે કે નહીં, તે સમિતિ પર નિર્ભર કરે છે.

ભારતીય રિઝર્વ બેન્કે સોમવારે જાહેર કરેલા એક બુલેટિનમાં જણાવ્યું છે કે, વૈશ્વિક પડકારો હોવા છતાં ભારતીય અર્થતંત્રમાં વધુ તેજીના સંકેતો જોવા મળી રહ્યા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ઓક્ટોબર માટે ઉપલબ્ધ , કલેક્શન, વીજ વપરાશ, ઇ-વે બિલ વગેરેના આંકડા મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ એક્ટિવિટી બન્નેમાં મજબૂતીનો સંકેત આપે છે. આને તહેવારોની માંગ અને ઞ્લ્ પ સુધારાઓથી સમર્થન મળ્યું છે.

બુલેટિનમાં લખવામાં આવ્યું છે કે, મોંઘવારી ઐતિહાસિક રીતે નીચલા સ્તરે આવી ગઈ છે અને નિર્ધારિત લક્ષ્યથી ઘણો નીચે જળવાઈ રહ્યો છે. સાથે જ નાણાકીય સ્થિતિ અનુકૂળ બની રહી છે અને નાણાકીય સંસાધનોનો પ્રવાહ પણ સારો જળવાઈ રહ્યો છે. તેમાં કહેવામાં આવ્યું કે, આ વર્ષે અત્યાર સુધી કરવામાં આવેલા રાજકોષીય, મૌદ્રિક અને નિયમનકારી પગલાં ઉચ્ચ ખાનગી રોકાણ, ઉત્પાદકતા અને વૃદ્ધિના એક સકારાત્મક ચક્રનો માર્ગ મોકળો કરશે. આનાથી લાંબા ગાળે આર્થિક મોરચે મજબૂતી આવશે.

# દસ્તાવેજ નોંધણી માટે મિલકતનું આયુષ્ય' નક્કી કરવા તલાટીનો દાખલો ચાલશે નહીં

નોંધણીઅર્થે રજૂ થતા વેચાણ દસ્તાવેજોમાં મિલકતની બજાર કિંમત નક્કી કરવા કેટલાક સબ રજિસ્ટ્રારો તલાટીના દાખલાનો આધાર તરીકે ઉપયોગ કરી રહ્યા છે. જેના મૂળમાં તો બજાર કિંમત ઓછી અંકાય ને વેચાણ લેનારને સ્ટેમ્પ ડ્યુટી ભરવી પડે તેવો ઉદ્દેશ્ય હોય છે. આથી, નોંધણી સર નિરીક્ષકની કચેરીએ એક પરિપત્ર મારફતે મિલકતનુ આયુષ્ય નક્કી કરવા માટે તેમજ ખેતીની જમીન બિનપિયતની છે તે પ્રમાણિત કરવા માટે તલાટીઓ દ્વારા આપવામાં આવતા દાખલાનો આધાર ન લેવા સબ રજિસ્ટ્રારોને આદેશ કર્યો છે. વેચાણ દસ્તાવેજમાં તલાટીઓના દાખલાનો ઉપયોગ ભષ્ટાચારના પોષણ અને સરકારની તિજોરીનો મોટાપાયે નુકશાનરૂપ છે. આવા અનેક કિસ્સાઓ ધ્યાને આવતા નાયબ નોંધણી સર નિરીક્ષક એસ. આર.તાબિયારની સહીથી સબ રજિસ્ટ્રારોને કેટલીક સુચના આપવામાં આવી છે. જેમાં કહેવાયુ છે કે, રાજ્યના તમામ સબ રજીસ્ટ્રારોએ કોઈ પણ બાબતે તલાટીના દાખલાને આધારે દસ્તાવેજ નોંધણી કરવાની રહેતી નથી.

# મ્યુચ્યુઅલ ફંડની પસંદગીમાં રાજકોટ અને ભાવનગર અગ્ર ક્રમે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શેરબજારમાં સલામત રોકાણ માટે મ્યુચ્યુઅલ ફંડનું આકર્ષણ સતત વધી રહ્યું છે અને તેમાં ગુજરાત કે જે સ્ટોક એક્સચેન્જ રોકાણમાં દેશમાં ટોપના રાજ્યમાં સ્થાન ધરાવે છે ત્યાં પણ દર વર્ષે દેશના ૧૦૦ પ્રથમ કેટેગરીના મ્યુચ્યુઅલ ફંડ માર્કેટમાં ગુજરાતના શહેરો અગ્રણી રહ્યા છે અને તેમાં અમદાવાદ એ લીડ કરે છે. દેશના ૧૦ ટોચના મ્યુચ્યુઅલ ફંડ માર્કેટમાં અમદાવાનું એ બીજા નંબરે સૌથી ઝડપથી ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવામાં સ્થાન મેળવે છે અને તે ૧૬.૬ ટકા વધીને રૂા.૨.૨૬ લાખ કરોડનું નોંધાયું છે.

હાલમાં જ પ્રસિધ્ધ થયેલ એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ ઓફ ઈન્ડિયાના રિપોર્ટમાં જણાવાયું છે કે મ્યુચ્યુઅલ ફંડના સૌથી ઝડપી વૃધ્ધિ રોકાણમાં મુંબઈ પછી અમદાવાદનું સ્થાન આવે છે. મુંબઈમાં ૧૭.૩ ટકાના દરે રોકાણ વધ્યું છે અને કુલ રૂા.૨૧.૧૮ લાખ કરોડનું રોકાણ આ મેટ્રો




સિટીમાંથી થયું છે. આમ, મુંબઈ અને અમદાવાદ વચ્ચેનો ગેપ ઉંચો છે. પરંતુ રોકાણની ઝડપમાં અમદાવાદે મુંબઈની સાથે દોડી રહ્યું છે.

જો દેશની દ્રષ્ટિએ જોઈએ તો અમદાવાદ એ મ્યુચ્યુઅલ ફંડ રોકાણમાં છઠ્ઠા નંબરનું સ્થાન ધરાવે છે. મુંબઈ પછી બીજા ક્રમે દિલ્હી એ ૨.૯૬ લાખ કરોડનું રોકાણ ધરાવે છે અને ત્રીજા ક્રમે બેંગ્લોર (૪.૦૬ લાખ કરોડ), પુના (૨.૯૬ લાખ કરોડ) અને કોલકાતા (૨.૪૯ લાખ કરોડ) રોકાણ કરનાર ટોપ ફાઈવમાં સ્થાન ધરાવે છે. જો ગુજરાતના શહેરોનું જોઈએ તો અમદાવાદ બાદ વડોદરા તે બીજા ક્રમે છે.

જ્યાં ૬૫૦૨૭ કરોડનું મ્યુચ્યુઅલ ફંડ રોકાણ થયું છે. સુરત રૂા.૫૮૨૨૨ કરોડ, રાજકોટ રૂા.૨૪૯૫૨ કરોડ સાથે ગુજરાતમાં ચોથા ક્રમે છે. જ્યારે ગાંધીનગર ૧૧૩૪૨ કરોડના રોકાણ સાથે ચોથા ક્રમે છે. ગુજરાતના ટોચના ૧૦ શહેરોમાં સૌરાષ્ટ્રના ફક્ત ૨ જેમાં રાજકોટ બાદ ભાવનગરનું મ્યુચ્યુઅલ ફંડ રોકાણ રૂા.૭૫૪૩ કરોડનું છે.

વાસ્તવમાં ગુજરાતના શેર ટ્રેડિંગના રોકાણમાં મુંબઈ બાદ બીજા ક્રમે આવે છે. પરંતુ જે લોકોના માર્કેટની રોજબરોજની ચડ-ઉતરથી સામે સલામત રહેવું હોય અથવા તો ફિક્સ આવક જોઈતી હોય તેઓ મ્યુચ્યુઅલ ફંડની અલગ-અલગ સ્કિમના રોકાણ કરે છે. ગુજરાતમાં ફક્ત અમદાવાદ જ નહીં નાના શહેરોમાં પણ હવે મ્યુચ્યુઅલ ફંડ રોકાણનું કલ્ચર વધી રહ્યું છે.

# દરેક ખરાબ સંબંધને દુષ્કર્મનું નામ આપવું અયોગ્યઃ સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે દુષ્કર્મના એક કેસમાં કાયદાને લઈને ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, દરેક અસફળ અથવા ખરાબ સંબંધને દુષ્કર્મનું નામ આપવું ગુનાની ગંભીરતાને ઓછી કરી દે છે. દુષ્કર્મનો આરોપ એ સૌથી ગંભીર પ્રકારનો ગુનો છે. જ્યાં હકીકતમાં યૌન હિંસા અથવા જબરદસ્તી કરવામાં આવી હોય ફક્ત એવા જ કેસમાં આવો આરોપ લગાવેલો હોવો જોઈએ.

જસ્ટિસ બી.વી નાગરત્ના અને જસ્ટિસ આર. મહાદેવનની ખંડપીઠે સોમવારે (૨૫ નવેમ્બર) એક કેસની સુનાવણી કરતા આ ટિપ્પણી કરી હતી. મહાર-ાષ્ટ્રના એક વકીલ પર દુષ્કર્મ અને ગુનાઈત ધમકીનો આરોપ લગાવતી અને ચાર્જશીટને કોર્ટે નકારી દીદી છે.

હકીકતમાં, ફરિયાદી મહિલાએ શરૂઆતમાં ભરણપોષણના એક મામલે કાયદાકીય મદદ માટે વકીલનો સંપર્ક કર્યો હતો અને બાદમાં તે કથિત રૂપે લાંબા સમય સુધી વકીલની સાથે સંબંધોમાં રહી હતી.



બાદમાં તેણે વકીલ ઉપર દુષ્કર્મ અને ગુનાઈત ધમકીનો આરોપ લગાવ્યો હતો.

કોર્ટે આ કેસમાં કહ્યું કે, દુષ્કર્મનો ગુનો સૌથી ગંભીર પ્રકારનો ગુનો છે. આ ફક્ત એવા જ મામલે લગાવવો જોઈએ, જ્યાં હકીકતમાં યૌન હિંસા, બળજબરી અથવા સ્વતંત્ર સંમતિની કમી હોય. દરેક ખરાબ સંબંધને દુષ્કર્મના ગુનામાં બદલવો ન ફક્ત ગુનાઈત ગંભીરતાને ઓછી કરે છે. પરંતુ, આરોપી પર ક્યારેય દૂર ન થાય એવું કલંક અને ગંભીર અન્યાય પણ થોપે છે. ન્યાયતંત્ર કાયદાના આવા દુરૂપયોગ પર ગંભીર ચિંતા વ્યક્ત કરે છે.

આ સાથે જ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના એ આદેશને પણ રદ કરી દીધો, જેમાં કાર્યવાહીને રદ કરવાનો ઈનકાર કરી દેવાયો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, રેકોર્ડ પર હાજર પુરાવા સ્પષ્ટપણે સંમતિથી બનેલા સંબંધ તરફ ઈશારો કરે છે, જે બાદમાં કડવાશમાં બદલાઈ ગયા હતા. મહિલા (ફરિયાદી) પોતે પુખ્ત વયની છે, શિક્ષિત છે, પોતાની ઈચ્છાથી વકીલના સંપર્કમાં રહી હતી, તે અવાર-નવાર વકીલને મળતી રહી અને ત્રણ વર્ષ સુધી તેની સાથે ગાઢ ભાવનાત્મ રૂપે જોડાયેલી હતી.

આ નિર્ણયમાં કોર્ટે સ્વીકાર્યું કે, ભારતીય સમાજમાં મહિલાઓ અવાર-નવાર લગ્નના વચન પર સંબંધ માટે સંમતિ આપે છે અને જો તે વચન ફક્ત તેનું શોષણ કરવા કે ખરાબ નિયત સાથે આપવામાં આવ્યું હોય, તો આવી સંમતિ અમાન્ય હોય શકે છે. એવા મામલે કાયદાએ સંવેદનશીલ રહેવું જોઈએ. પરંતુ, આવા આરોપોનું સમર્થન વિશ્વસનીય પુરાવા અને નક્કર તથ્યો પર આધારિત હોવું જોઈએ, ન કે નિરાધાર આરોપ અથવા નૈતિક અનુમાન પર.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા જામનગર ખાતે સ્વચ્છતા પ્રોજેક્ટનો પ્રારંભ; ૨૬૮ કરોડના ખર્ચે ગાર્બેજ કલેક્શનના ૨૧૬ વાહનોને પ્રસ્થાન કરાવાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરની સ્વચ્છતા વ્યવસ્થાને નવું પરિમાણ આપતા મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો.ગુજરાતને સ્વચ્છ અને સુદૃઢ બનાવવાની રાજ્ય સરકારની પ્રતિ-બદ્ધતાને આગળ ધપાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જામનગર શહેરની સ્વચ્છતા વ્યવસ્થાને નવું પરિમાણ આપતા મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો હતો.મુખ્યમંત્રીએ જામનગર મહાનગરપાલિકા દ્વારા અંદાજિત રૂ.૨૬૮ કરોડના ખર્ચે હસ્તગત કરાયેલા કુલ ૨૧૬ ગાર્બેજ કલેક્શન વાહનોનું પ્રસ્થાન કરાવ્યું હતું.



આ વાહનો જામનગર શહેરના ૧ થી ૧૬ વોર્ડમાં કચરો એકઠો કરવાની કામગીરી કરશે. આ વાહનો દ્વારા ડોર-ટુ-ડોર કલેક્શન ઉપરાંત શહેરના ઓપન પોઈન્ટ્સ અને સિલ્વર બીન્સમાંથી કચરો એકઠો કરવામાં આવશે જે કચરાના વૈજ્ઞાનિક પદ્ધતિથી કલેક્શન અને નિકાલની પ્રક્રિયાને વધુ ઝડપી અને અસરકારક બનાવશે. મુખ્યમંત્રી દ્વારા લોકાર્પિત કરાયેલ આ ૨૬૮ કરોડ રૂપિયાનો પ્રકલ્પ જામનગર મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા ક્ષેત્રે એક સીમાચિહ્નરૂપ વિકાસ છે અને તે જામનગર શહેરને સ્વચ્છતા સર્વેક્ષણમાં ઉત્કૃષ્ટ દેખાવ કરવામાં મદદરૂપ થશે. સાથે જ નાગરિકોના જાહેર સ્વાસ્થ્યને પણ સુધારશે.

મુખ્યમંત્રીએ વડાપ્રધાનના 'સ્વચ્છ ભારત અભિયાન'ને વધુ વેગ આપવા બદલ જામનગર મહાનગરપાલિકાના પ્રયાસોને બિરદાવ્યા હતા.આ પ્રસંગે જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શિક્ષણ રાજ્યમંત્રી રિવ-ાબા જાડેજા,મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, જિલ્લા પંચાયત પ્રમુખ મયબેન ગરસર, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, આગેવાન બીનાબેન કોઠારી, પ્રકાશભાઈ બાંભણીયા, મેરામણ ભાટુ, વિજયસિંહ જેઠવા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ભાજપ અગ્રણીઓએ SIR અંતર્ગત વિશેષ ડ્રાઈવની જવાબદારી અન્વયે બુથમાં કામગીરી કરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મતદાતા વિશેષ સુધારણા કાર્યક્રમ અંતર્ગત ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓને વિશેષ જવાબદારીઓ સોંપવામાં આવેલ આ તબક્કે તેમના દ્વારા એક એક બુથ ની જવાબદારી સંભાળી બોર્ડની અંદર આવતા મતદાતાઓ ના ફોર્મ ભરવાની કામગીરીનું નિરીક્ષણ કરી કોઈ પણ મતદાતા તેના મત અધિકારથી વંચિત ન રહી જાય તેના માટે ઝીણવટી કામગીરી કરવામાં આવેલ.મતદાતા યાદી વિશેષ સુધારણા કાર્યક્રમ એ ભારતના ચૂંટણી પંચ દ્વારા સમયાંતરે હાથ ધરવામાં આવતો એક મહત્વપૂર્ણ કાર્યક્રમ છે, જેનો મુખ્ય હેતુ મતદાર યાદીને ચોક્કસ, અદ્યતન અને ભૂલ-મુક્ત બનાવવાનો છે.આ કાર્યક્રમ હેઠળ નીચેની મુખ્ય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.નવા મતદારોની નોંધણી જે



નાગરિકો લાયકાતની તારીખે (સામાન્ય રીતે તે વર્ષની ૧લી જાન્યુઆરી) ૧૮ વર્ષની ઉંમર પૂરી કરી ચૂક્યા હોય અને અન્યથા પાત્ર હોય, તેઓને મતદાર તરીકે નોંધણી કરાવવાની તક પૂરી પાડવામાં આવે છે. નામો દૂર કરવા મૃત્યુ પામેલા, સ્થળાંતર કરી ગયેલા અથવા અન્ય કારણોસર ગેરલાયક ઠરેલા મતદારોના નામો યાદીમાંથી દૂર કરવામાં આવે છે. સુધારા અને ફેરફારો મતદારના નામ, સરનામા, ઉંમર અથવા અન્ય વિગતોમાં થયેલી ભૂલોને સુધારવામાં આવે છે. સ્થળ ફેરફાર એક વિધાનસભા મતવિસ્તારમાંથી બીજા મતવિસ્તારમાં સ્થળાંતર કરનાર મતદારોના નામની નોંધણી નવા સ્થળે કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં સામાન્ય રીતે મુસદ્દા મતદાર યાદી પ્રકાશિત કરવામાં આવે છે, જેના પર નાગરિકો દાવાઓ અને વાંધાઓ રજૂ કરી શકે છે. ત્યારબાદ, આ દાવાઓ અને વાંધાઓની ચકાસણી અને નિકાલ કરવામાં આવે છે અને છેલ્લે અંતિમ મતદાર યાદી પ્રકાશિત કરવામાં આવે છે. સરળ શબ્દોમાં કહીએ તો, આ કાર્યક્રમ ચૂંટણી પ્રક્રિયાને નિષ્પક્ષ અને પારદર્શી બનાવવા માટે મતદાર યાદીને નિયમિતપણે અપડેટ કરવાની પ્રક્રિયા છે.જામનગર મહાનગર નાં વિવિધ વિસ્તારોમાં ભારતીય જનતા પાર્ટી જામનગર મહાનગર નાં અધ્યક્ષ બીનાબેન કોઠારી, મંત્રી રિવાબા જાડેજા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, સહિત ઉપર જણાવ્યા મુજબની શ્રેણી ના અગ્રણીઓ તથા મહાનગરપાલિકા અને સંગઠનના ભાજપના પદાધિકારીઓ તથા બુથ સ્તર સુધીના કાર્યકર્તા સુધીનું સમગ્ર સંગઠન આ અભિયાનમાં જોડાયેલ હતા અને ડોર ટુ ડોર જઈ ફોર્મ ભરવા માટે જનતા ને અપીલ કરેલ હતી

# જામનગર શહેરમાં ફોર્મ ચકાસણી વેળાએ મહિલા બીએલઓ એકાએક ઢળી પડ્યાં

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એસ.આઇ.આર.ની કામગીરીને લઇ ગુજરાતભરના બીએલઅલોમાં વિરોધનો સુર ઉઠી રહ્યો છે. કામગીરીમાં આવતી વીટંબણાઓને લઇ અનેક વખત રજૂઆત કરવામાં આવી છે છતાં તંત્ર દ્વારા નમતું જોખવામાં આવ્યું નથી. આથી બીએલઓમાં આપઘાત અને હાર્ટએટેકના કિસ્સાઓ પણ ચિંતાજનક રીતે વધી રહ્યાં છે. તેવામાં જામનગરમાં એક મહિલા બીએલઓને એસઆઇઆરની કામગીરી દરમિયાન હાઇપર ટેન્શનના કારણે ચક્કર આવી જતાં બેભાન અવસ્થામાં તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જેને લઈને ક્ષણિક અફરાતફરી મચી ગઇ હતી.જામનગરના મસીતિયા વાડી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતાં હિરલબેન ત્રિવેદીને એસઆઇઆરની કામગીરી સોંપવામાં આવી હોય આ દરમિયાન ગઇકાલે



તેઓ જામનગરના સત્યમ કોલોની આહિર સમાજ ખાતે બીએલઓની ફરજને પગલે ફોર્મ એકત્ર કરી રહ્યાં હતાં આ વેળાએ એકાએક ફોર્મ ચેક કરતી વેળાએ બેભાન અવસ્થામાં ઢળી પડ્યાં હતાં. જેને લઇ આજુબાજુના લોકોમાં દોડધામ મચી ગઇ હતી.જામનગરના મસીતિયા વાડી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતાં હિરલબેન ત્રિવેદીને એસઆઇઆરની કામગીરી સોંપવામાં આવી હોય આ દરમિયાન ગઇકાલે તેઓ જામનગરના સત્યમ કોલોની આહિર સમાજ ખાતે બીએલઓની ફરજને પગલે ફોર્મ એકત્ર કરી રહ્યાં હતાં આ વેળાએ એકાએક ફોર્મ ચેક કરતી વેળાએ બેભાન અવસ્થામાં ઢળી પડ્યાં હતાં. જેને લઇ આજુબાજુના લોકોમાં દોડધામ મચી ગઇ હતી.બાદમાં સ્થાનિકો દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જેને પગલે ૧૦૮ નો સ્ટાફ દોડી આવ્યો હતો અને હિરલબેનન સારવાર માટે જી.જી.હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતાં. હાલ હિરલબેનની જામનગરની જી.જી.હોસ્પિટલના આઇસીયુ વોર્ડમાં તબીબી નિરક્ષણ હેઠળ સઘન સારવ-ાર ચાલી રહી છે.તેમની સ્થિતિમાં સુધાર આવતો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. બીજી તરફ આ સમગ્ર ઘટનાની જાણ થતાંની જ સાથે પ્રાંતઅધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓ હોસ્પિટલ ખાતે દોડી ગયા હતાં. જ્યાં હિરલબેનના ખબર અંતર પુછ્યાં હતાં.

# જામનગર યાર્ડમાં ૧૭ હજાર ગુણી મગફળી ઠલવાઇ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર માર્કેટીંગ યાર્ડમાં મગફળી-કપાસની મબલખ આવક થઈ રહી છે. જેમાં સૌથી વધુ મગફળીની આવક ખોલતા જ સત્તર હજાર ગુણીની અને કપાસની ૨૦૬૯૩વીસ હજાર છસ્સો ત્રાણું મણની હરરાજીમાં આવક થઈ હતી.

હાપા યાર્ડમાં ૭૭૬ ખેડુતો ૬૫,૦૭૨ મણની ૨૨ જણસી હરરાજીમાં આવી હતી. જેમાં સૌથી વધુ આવક મગફળીની ૧૭૦૦૦ મણની આવક થઈ હતી. જેમાં જીણી મગફળીનો રૂ.૯૭૦ થી ૧૨૮૫ તેમજ જાડી મગફળીના રૂ.૯૦૦થી ૧૧૯૦ તેમજ ૬૬ નંબરની મગફળીના રૂ.૧૦૦૦થી ૧૪૬૫ અને નવ નંબર મગફળીના રૂ.૧૦૦૦થી ૧૭૫૦ સુધીના ભાવે સોદા થયા હતા.તો કપાસની ૨૦૬૯૩ મણ હરરાજીમાં આવતાજેમાં રૂ.૧૦૦૦થી ૧૪૮૫ સુધીના માવે સોદા થયા હતા. તો અન્ય જણસીની વાત કરીએ તો જુવારની ૨૮, બાજરી ૪૦, ઘઉં ૭૯૫, મગ ૩, અળદ ૪૬૫, ચોળી ૧૮૦, ચણા ૧૦૮૫, એરંડા ૬૩, -તલી ૮૬૩, રાયડો ૮૮, લસણ ૩૮૭૦, જીરૂ ૧૫૦૯, અજમો ૧૧૩૩, અજમાની ભુસી ૧૦૭૮, ધાણા ૫૪, મરચા ૨૫, સુકી ડુંગળી ૧૫૨૪, સોયાબીન ૧૭૭૫, વટાણા ૩ અને રાજમા ૧૭ મણની હરરાજીમાં આવક થઈ હતી.

# જામનગરમાં વિદેશી દારૂની ૯૮ બોટલ સાથે એક ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લાના પોલીસ અધીક્ષક.ડો.રવી મોહન સૈનીએ જીલ્લા મા પ્રોહી-જુગારના કેશો શોધી કાઢવા માટે સુચના કરેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક જયવિરસિંહ ઝાલા સાહેબના માર્ગદર્શન મુજબ.જામનગર સીટી સી ડીવી. પો.સ્ટે. પો.ઈન્સ એન.બી.ડાભી તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. વી.એ.પરમાર સ્ટાફ સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.હેડકોન્સ યુવરાજસિંહ ભરતસિંહ જાડેજા એ.એસ.આઇ. યશપાલસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજા તથા પો.કોન્સ. મયુરસિંહ જગદિશસિંહ જાડેજા તથા મહાવિરસિંહ વનરાજસિંહ જાડેજા નાઓને સયુકત બાતમી આધારે ખોડીયાર કોલોની ૯૨ કવાટર પાછળ બાવળજી જાળીઓમાંથી આરોપી બીપીન ઉર્ફે લાકડી કારાભાઇ મુછડીયા ઉવ-૩૦ ધંધો-ડ્રાઈવીંગ રહે.અંધાશ્રમ ફાટક પાસે આવાસ કોલોની બ્લોક નં-૫૧ રૂમ નં-૦૫ જામનગર વાળાને ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની બોટલો નંગ-૯૮ કીંમત રૂપીયા ૪૯૦૦૦ના મુદામાલ સાથે પકડી પાડી પો.હેડ કોન્સ યુવરાજસિંહ ભરતસિંહ જાડેજા નાઓએ તેની સામે ધોરણસર થવા ફરીયાદ આપેલ તેમજ પો.ઈન્સ એન.બી.ડાભી ના ઓએ કાર્યદિસરની કાર્યવાહી કરેલ છે.



પકડાયેલ આરોપી.બીપીન ઉર્ફે લાકડી કારાભાઇ મુછડીયા જાતે-અનુજાતિ ઉવ-૩૦ ધંધો-ડ્રાઇવીંગ રહે.અંધાશ્રમ ફાટક પાસે આવાસ કોલોની બ્લોક નં-૫૧ રૂમ નં-૦૫ જામનગર મુદામાલ.ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની બોટલો નંગ-૯૮ કી.રૂ.૪૯,૦૦૦.અટક કરવા પર બાકી વિમલ ઉર્ફે ડોડારો તુલશીભાઇ પમનાણી રહે.દરબારગઢ જામનગર.આ કાર્યવાહી પો.ઇન્સ.એન.બી.ડાભી સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. વી.એ.પરમાર તથા સ્ટાફના એ.એસ.આઇ યશપાલસિંહ એ.જાડેજા, સુખદેવસિંહ એમ.જાડેજા તથા રાજેશભાઇ બી.બથવાર પો.હેડ કોન્સ યુવરાજસિંહ બી જાડેજા, હર્ષદભાઇ ડી.પરમાર,નારણભાઇ બી સદાદિયા, શીવભદ્રસિંહ એમ જાડેજા,તથા મહાવીરસિંહ વી.જાડેજા, વનરાજભાઇ બી.ખવડ, મયુરસિંહ જે. જાડેજા, પો.કોન્સ. પ્રવિણભાઇ બી પરમાર, વિગેરે દ્વારા કરવામા આવેલ છે.

# જામનગરમાં અનુભૂતિ ગ્રુપ દ્વારા ચિત્ર પ્રદર્શન સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર અનુભૂતિ ગ્રુપ જામનગર અને નમસ્તે ઇન્ડિયા પુણે ના સંયુક્ત ઉપક્રમે જામનગર માં તા.૫ થી ૭ ડિસેમ્બર દરમ્યાન યોજાશે. નમસ્તે જામનગર સાંસ્કૃતિક અને કલા નો મેળો. જેનું ઉદઘાટન તા.૪-૧૨-૨૦૨૫ ના દ્વારકાધીશ મંદિર ના દર્શન અને પૂજા દ્વારા નમસ્તે ઇન્ડિયા ના સ્થાપક સુધીર સલુનકે દ્વારા કરવામાં આવશે ત્યાર બાદ સુમેર રેસીડેન્સી હોલ, સુમેર ક્લબ ,જામનગર ખાતે ચિત્ર પ્રદર્શન નું ઉદઘાટન જુનિયર કલાકારો રિવા મૂંગરા -૭ વર્ષ અને ધ્યેય શાહ ૧૪ વર્ષ દ્વારા તારીખ ૫-૧૨-૨૦૨૫ ના



રોજ સવારે ૧૦-૦૦ વાગ્યે કરવામાં આવશે.જેમાં જામનગર ઉપરાંત વિદેશી કલાકારો સાઉથ કોરિયા ના ૬૫ ચિત્રો નું પ્રદર્શન યોજાશે. આ પ્રદર્શન નિ શુલ્ક જાહેર જનતા માટે સવારે ૧૦ થી બપોરે ૧ તથા બપોરે ૩ થી સાંજે ૬ સુધી તારીખ ૫ , ૬ અને ૭ ના રોજ નિહાળી શકાશે.તો આ અનેરા કલા અને સાંસ્કૃતિક ના સમન્વય ''નમસ્તે જામનગર '' ને નિહાળવા જામનગર ની જનતા ને તથા જામનગર ના મહાનુભાવો ને આમંત્રણ છે, સાથે પંડિત આદિત્યરામ ઘરાના ના સંગીત ની સંધ્યા સંગીત સાધના મંદિર ના કલાકારો દ્વારા તારીખ ૫-૧૨-૨૦૨૫ ના સાંજે ૬ થી ૮ દરમ્યાન કરવામાં આવશે.તારીખ ૬-૧૨-૨૦૨૫ ના રોજ સવારે ૧૧- થી ૧-૦૦ સુધી રણમલ તળાવ લાખોટા મ્યુઝિયમ પાસે લાઈવ પેન્ટિંગ તથા તારીખ ૭-૧૨-૨૦૨૫ ના સવારે ૧૦ થી ૧૨ હેરિટેજ વોક ક્રિકેટ બંગલા થી બાલા હનુમાન મંદિર સુધી અને ત્યાર બાદ ગુરુદ્વારા સિંઘ સભા ની મુલાકાત કરવામાં આવશે. આ અનેરા કલા અને સાંસ્કૃતિક ના સમન્વય ''નમસ્તે જામનગર '' ને નિહાળવા જામનગર ની જનતા અને મહાનુભાવો ને અનુરોધ કરેલ છે.

# મોરબીમાં ABVP દ્વારા જનજાતિ ગૌરવ કળશ યાત્રાનું ભવ્ય સ્વાગત

**મુખ્ય સમાચાર, મોરબી**

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિના અવસરે ઝારખંડના ઉતિહાલુથી આવેલ જનજાતિ ગૌરવ કળશ યાત્રાનું ABVP મોરબી દ્વારા શાળા-કોલેજોમાં પુષ્પ અર્પણ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદમાં બિરસા મુંડાના બલિદાન અને આદર્શો અંગે સંગોષ્ઠી યોજાઈ હતી.

મોરબીમાં ABVP દ્વારા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતિ વર્ષના સન્માનમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાન બિરસા મુંડાજીના જન્મસ્થળ ઉતિહાલુ, ઝારખંડથી આવી પહોંચેલ ''જનજાતિ ગૌરવ કળશ યાત્રા'' નો મોરબીના વિવિધ શાળા-કોલેજોમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. કળશ-યાત્રા શહેરમાં પહોંચતા જ વિદ્યાર્થીમિત્રો, શિક્ષકો અને






કાર્યકરો દ્વારા પુષ્પ અર્પણ કરી કળશનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક માન સાથે આવકાર કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં દેશના પ્રથમ જનજાતિ ક્રાંતિકારી તરીકે ઓળખાતા બિરસા મુંડાજીના જીવનસંદેશ અને તેમની દેશસેવાને લઈ ઉમંગ જોવા મળ્યો હતો. પુષ્પાંજલિ પછી યોજાયેલી સંગોષ્ઠીમાં વક્તાઓએ બિરસા મુંડાજીની સ્વાતંત્ર્યલડત, તેમના બલિદાન અને જનજાતિ સમાજને ઉન્નત કરવા માટેના તેમના પ્રયત્નોની ચર્ચા કરવામાં આવી હતી.

# મોરબી પીડીલાઇટ કંપનીની નકલી બેગ બનાવી ગેરકાયદેસર વેચાણ કરતા ત્રણ વિરુદ્ધ ગુનો નોંધાયો

## મોરબી તાલુકા પોલીસે રૂ. ૧૫.૧૮ લાખનો મુદામાલ કબ્જે લીધો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના લાલપર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ-૫ માં એબીએસ બિલ્ડ ઇન્ડિયા નામના કારખાનામાં રેઇડ કરતા, જ્યાં પીડીલાઇટ કંપનીની ડુપ્લિકેટ માર્કાવાળી બેગ બનાવી તેમાં ડુપ્લીકેટ મટીરીયલ ભરવાની ગેરકાયદેસર ફેક્ટરી પકડાઈ હતી. જેમાં ડુપ્લીકેટ માર્ક વાળી ખાલી બેગો, મટીરીયલ ભરેલ બેગો, સિલાઈ મશીન સહિત કુલ રૂ. ૧૫.૧૮ લાખના મુદામાલ સાથે મોરબીના બે શખ્સો અને આ બનાવટી બેગો તૈયાર કરનાર એમ ત્રણ આરોપીઓ સામે કોપીરાઇટ એક્ટ તથા ટ્રેડમાર્ક એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. મોરબી તાલુકા પોલીસ સ્ટેશને નોંધાયેલ કોપીરાઇટ એક્ટ તથા ટ્રેડ માર્ક એક્ટની કલમ મુજબના ગુનામાં ફરીયાદી મલયભાઈ યોગેશભાઈ શાહ ઉવ.૩૫ રહે.અમદાવાદ પાલડી વાળાએ પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના અધિકૃત પ્રતિનિધી તરીકે મોરબી તાલુકા પોલીસ મથકમાં આરોપી શીરીષભાઈ અમરશીભાઈ ચારોલા ઉવ.૩૪ રહે. કન્યા છાત્રાલય રોડ મારુતિનંદન એપાર્ટમેન્ટ ૩૦૨ મોરબી મૂળ રાજપર ગામ, અનિલભાઈ હરીભાઈ બાવરવા ઉવ.૪૮ રહે. મોરબી જીઆઇડીસી પાછળ ચિત્રકૂટ-૩ મૂળ બરવાળા ગામ તથા આરોપી મયુરભાઈ જયસુખભાઈ સાંગાણી રહે. મહેંદ્રનગર વાળા તેમજ તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે, આરોપીઓએ મળી એકબીજાની મદદથી પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીના નામે નકલી (ડુપ્લિકેટ) ટ્રેડમાર્કવાળી બેગો તૈયાર કરી, કંપનીનું રો-મટીરીયલ ભરી બજારમાં સસ્તા ભાવે વેચાણ કરી કંપનીને આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારે તાલુકા પોલીસે લાલપર ગામની આગળ લાલપર ઇન્ડસ્ટ્રીઝ એસ્ટેટ-૫ ના પ્લોટ નં. ૨૭ ખાતે એબીએસ બિલ્ડ ઇન્ડિયા કારખાનામાં રેઇડ કરીને પીડીલાઇટ માર્કાની ૨૦ કિલોની ભરેલી T01 બેગ ૯૦ નંગ, કિ.રૂ. ૬૬,૧૫૦/-, પીડીલાઇટ માર્કાની ભરેલી T02 બેગ ૧૯૬૧ નંગ કિ.રૂ. ૧૪,૪૧,૩૩૫/-, T01 ખાલી બેગ ૧૭૦ નંગ, કિ.રૂ.૧,૭૦૦/-, T02 ખાલી બેગ ૧,૨૦૦ નંગ કિ.રૂ. ૧૨,૦૦૦/-, પ્રિન્ટિંગ મશીન કિ.રૂ.૧૦,૦૦૦/-, શિલાઈ મશીન દોરા સાથે કિ.રૂ.૧,૦૦૦/- એમ કુલ ૧૫,૧૮,૪૮૫/-ના મુદામાલ સાથે પોલીસે આરોપી શીરીષભાઈ અમરશીભાઈ ચારોલા તથા આરોપી અનિલભાઇ હરીભાઇ બાવરવાની સ્થળ ઉપરથી અટકાયત કરવામાં આવી છે જ્યારે ડુપ્લીકેટ બેગ તૈયાર કરી આપનાર આરોપી તથા તપાસમાં ખુલ્લે તેની શોધખોળ શરૂ કરી છે અને તમામ આરોપીઓ વિરુદ્ધ કોપીરાઇટ એક્ટ તથા ટ્રેડમાર્ક એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# હળવદના ચરાડવા ગામે રહેણાંકમાંથી રમ-વ્હિસ્કીની ૨૦ બોટલ સાથે એક પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પોલીસ મથકના પીઆઇ આર.ટી. વ્યાસની રાહબરી અને માર્ગદર્શન હેઠળ મળેલ બતમીબે આધારે હળવદ પોલીસ મથકની સર્વેલન્સ ટીમે ચરાડવા ગામે આરોપી સમીરભાઈ અનવરભાઈ કાજેડીયાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂ અંગે રેઇડ કરતા, જ્યાં રહેણાંકમાંથી વિદેશી દારૂની બે અલગ અલગ બ્રાન્ડની રમ-વ્હિસ્કીની કુલ ૨૦ નંગ બોટલ કિ.રૂ. ૨૧,૫૨૦/- મળી આવી હતી. આ સાથે પોલીસે આરોપી સમીરભાઈ અનવરભાઈ કાજેડીયા ઉવ.૨૧ વાળાની તેના જ રહેણાંક મકાન ખાતેથી અટક કરી આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# વાંકાનેર કેમિકલ ફેક્ટરીમાં દાઝી જતા ૨૪ વર્ષીય શ્રમિકનું સારવાર દરમ્યાન મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના જેતપરડા ગામે કેમિકલ્સ ફેક્ટરીમાં રિએક્ટર મશીનનું ઢાંકણું ખોલતી વખતે ગરમ કેમિકલના પાણીથી શરીરે દાઝેલા શ્રમિકનું રાજકોટ સરકારી હોસ્પિટલમાં સારવ-ાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું.

વાંકાનેરના જેતપરડા ગામની સીમમાં આવેલી એશિયાટિક કેમિકલ્સ કંપનીમાં મજૂરી કરતા મૂળ મધ્યપ્રદેશ રાજ્યના જાબુઆ જીલ્લાના કલ્લીપુરા ગામના વતની વીનોદભાઈ દુવલીયાભાઈ મેડા ઉવ.૨૪ ગત તા.૧૯/૧૧ના રોજ ફેક્ટરીએ કામ ઉપર હોય ત્યારે રિએક્ટર મશીન (વેસલ)નું ઢાંકણું ખોલતા જ તેમાં રહેલું ગરમ કેમિકલ પાણી શરીર ઉપર પડ્યું, જેના કારણે તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા ઘટના બાદ તેમને સારવાર અર્થે તેમને રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા. ત્યાં ચાલુ સારવાર દરમ્યાન તા.૨૪/૧૧ ના રોજ વિનોદભાઈનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ વાંકાનેર સીટી પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીમાં ગરમ પાણીના તપેલામાં પડવાથી ૧૮ માસના માસૂમનું સારવાર દરમિયાન મૃત્યુ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-૨ શોભેશ્વર વિસ્તારના મફતીયાપરામાં ૧૮ માસનું બાળક રમતાં રમતાં ગરમ પાણીના તપેલામાં પડી જતા ગંભીર રીતે દાઝી જતા સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું કરૂણ મૃત્યુ નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ હતી. મોરબી સિટી બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અ.મોતની નોંધાયેલ વિગત મુજબ, મોરબીના સામાકાંઠે શોભેશ્વર રોડ ઉપર મફતીયાપરામાં રહેતા ગોવીંદભાઈ રાણાભાઈ ગમારા ઉવ.૨૫ એ આપેલ વિગત મુજબ ગત તા. ૧૮/૧૧ના રોજ તેમના ઘરે આંગણામાં ગરમ ઉકળતું પાણી ભરેલુ તપેલા મુકેલું હતું. ત્યારે તેમનો ૧૮ માસનો માસૂમ શિવમભાઈ ગોવીંદભાઈ ગમારા રમતા રમતા શ્વાન પાછળ દોડી રહ્યો હતો. આ દરમ્યાન પગ લપસતા તે સીધો ગરમ પાણીના તપેલા ઉપર પડી ગયો. આ અકસ્માતમાં બાળક છાતી, પેટ અને વાસાના ભાગે ગંભીર રીતે દાઝી ગયો હતો જેથી પરિવારજનો તેને તરત જ મોરબી આયુષ હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે તેને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવતા જ્યાં ચાલુ સારવાર દરમિયાન તા.૧૯/૧૧ના રોજ માસુમ બાળકનું મૃત્યુ નીપજ્યું હતું.

# હળવદ બુટવડા ગામે ઈલે.મોટરના રિપેરીંગના ખર્ચ મામલે બે ભાઈઓ ઉપર હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના બુટવડા ગામે બોરવેલમાં ભાગીદારીમાં ફિટ કરેલ ઈલે.મોટરના રીપેરીંગ અંગેના ખર્ચમાં ભાગ માંગતા બે ભાઈઓ ઉપર સગા કાકાના ભાઈ સહિતના ચાર શખ્સોએ લોખંડના પાઇપ, ધારીયાથી માર મારી ઇજાઓ પહોંચાડી હતી.

હળવદના બુટવડા ગામે રહેતા લાલજીભાઈ બાજુભાઈ લોદરીયા ઉવ.૨૩ એ હળવદ પોલીસ મથકમાં આરોપી શામજીભાઈ મોહનભાઈ લોદરીયા, મેરાભાઈ શામજીભાઈ લોદરીયા રહે.બન્ને બુટવડા ગામ તથા દશરથભાઈ પ્રવીણભાઈ ખાંભડીયા રહે. ભલગામડાં અને આરોપી સંજયભાઈ રહે.ખોડ ગામ તા.હળવદ વાળા સામે ફરિયાદ નોંધાવી કે, ફરિયાદી અને તેમના કાકાનો દીકરો શામજીભાઈએ પોતાની વાડીમાં બોરવેલમાં ભાગીદારીમાં મોટર નખાવેલ હોય જે આજથી ચારેક માસ અગાઉ બગડી જતા, તેને ફરિયાદીએ રીપેર કરાવી હોય જે અંગેના ખર્ચના રૂપિયા આપવાનું ફરિયાદી લાલજીભાઈ અને તેમના મોટાભાઈ રણછોડભાઈ તેમબ કાજના દીકરા આરોપી શામજીભાઈ ઓએસે જઈ ખર્ચ પેટે રૂપિયા માંગતા જે બાબતે આરોપીને સારું નહીં લાગતા, એકદમ ઇશ્કેરાઈ આરોપી શામજીભાઈ તાંતગ તેમનો દીકરા સહિત ઉપરોક્ત તમામ આરોપીઓએ બન્ને ભાઈઓને લોખંડના પાઇપ તથા ધારીયા વડે માર મારી ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચાડી હતી. હાલ હળવદ પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં બિલ્ડર પર ૬ શખ્સોએ તિક્ષ્ણ હથિયારો વડે કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં રૂ.૨૨ લાખની ચોરીના ગુનામાં ચાલતા મનદુખમાં બિલ્ડર ઉપર ૬ શખસોએ લોખંડના પાઈપ, છરી, ધોકા વડે હુમલો કરીને શરીરે ગંભીર ઈજા પહોંચાડી હતી અને રૂ.૫૦ હજારની કિંમતનો ફોન તોડી નાંખ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.શહેરના શરૂ સેકશન રોડ, અંબીકા ડેરીવાળી શેરીમાં રહેતા હરદેવસિંહ ભીખુભા ભટ્ટી (ઉ.વ.૨૨) નામના કન્ટ્રકશનના ધંધાર્થીના બહેન સામે આરોપી મહેન્દ્રસિંહ પીંગળના પિતાએ ફરિયાદ નોંધાવી હતી. જે સોનાના દાગીના બિલ્ડરના બહેને હરેન્દ્રસિંહને રૂ.૨૨ લાખમાં વહેચેલ હતા.

પોલીસે બિલ્ડરની બહેન પાસેથી સોનાના દાગીના અને રોકડ રૂ.૧૦ લાખ કબજે કર્યા હતા. જેમાં કોર્ટે હુકમ કરેલ હોય, કે બધા દાગીના કિશોરસિંહને અને રોકડ રૂ.૧૦ લાખ બિલ્ડરની બહેનને પરત કરવા જણાવ્યું હતું. જે બાબતનો ખાર રાખીને બિલ્ડર તેમના મિત્રો સાથે તળાવની પાળ બજરંગ હોટલ તળાવની પાળ પાસે કોફી પીવા ગયા હતા.આ દરમ્યાન આરોપીઓ મહેન્દ્રસિંહ કિશોરસિંહ પીંગળ, મયુર રામાવત, ચિરાગ ભાનુશાળી, વંશરાજસિંહ રૂપસંગ પીંગળ, દુશ્યંતસિંહ ભરતસિંહ પીંગળ અને મિતરાજસિંહ રૂપસંગ પીંગળ સ્કોર્પિયોમાં આવ્યા હતા અને લોખંડના પાઈપ, ધોકા અને છરી વડે હુમલો કરીને બિલ્ડરને શરીરે ગંભીર ઈજા પહોંચાડી હતી અને રૂ.૫૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન તોડી નાંખી નુકશાન કર્યુ હતું. ફરિયાદ કરીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

# પાળ ગામે નકલંક મંદિર ખાતે પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ નજીક આવેલ પાળ ગામમાં શ્રી નકલંક મંદિર (ઠાકર દ્વારો), સંત આંબેવપીર ધામ ખાતે ભવ્ય 'પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' અને 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ'નું આયોજન કરવામાં આવ્યું છે. ધર્મ અને આસ્થાના આ પાવન પર્વમાં સમસ્ત ધર્મપ્રેમી જનતાને આમંત્રણ સાથે વિગતો આપવામાં આવી હતી.

દસ દિવસીય ધાર્મિક મહોત્સવનો પ્રારંભ તા.૨૬-૧૧ બુધવારના રોજ થશે અને તા.૫-૧૨, શુક્રવારના રોજ પૂર્ણાહુતિ થશે. આ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રાણ પ્રતિષ્ઠા યજ્ઞ તા.૨૬-૧૧, બુધવાર થી તા.૨૮-૧૧, શુક્રવાર યજ્ઞના પાવન માહોલમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે દેવ-દેવીઓની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે.

તા.૨૯-૧૧, શનિવાર થી તા.૫-૧૨, શુક્રવાર સુધી શ્રીમદ્? ાગવત કથાનું આયોજન કરાયું છે. જેમાં ૧૦૦૮ મહામંત્ર દ્વારા સ્વામી શ્રિપ્રાગીરી જી મહારાજ (પૂ.બાપુજી) પાલનપુર, સુરત કથાનું સંગીતમય રસપાન કરાવશે. કથાકારના સુમધુર વાણીમાં શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરી ધર્મલાભ લેવા વિનંતી છે. જ્યારે તા.૫-૧૨, શુક્રવાર મહોત્સવની પૂર્ણાહુતિના દિવસે ૧૧ દીકરીઓના સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે.

નકલંક મંદિર (ઠાકર દ્વારો) અને સંતશ્રી આંબેવપીર ધામના આંગણે યોજાનાર આ મહોત્સવ માત્ર ધાર્મિક ક્રિયાકાંડ ન રહેતા, સમુહ લગ્નોત્સવ દ્વારા સમાજસેવાનો સંદેશ પણ આપતા હોવાનું જણાવાયું છે.

આ ધાર્મિક ઉત્સવને ભવ્ય, ઐતિહાસિક અને યાદગાર બનાવવા માટે પાળ ઠાકર સેવક ગણ તથા આંબેવપીર (ભગત) પરિવાર તથા મહંતશ્રી ટીટાભગત સત્? આંબેવપીર ધામ પાળ ઠાકરના સર્વે સેવગણ તેમજ ભરવાડ સમાજ દ્વારા નિમંત્રણ અપાયું છે. આ પ્રસંગે મહંતશ્રી ટીટાભગત, મહા મંડલેશ્વર ૧૦૦૮ ધનશ્યામપુરી બાપુ (થરા), અને વડવાળી જગ્યા-ગોંડલ લોહલંગરી બાપુ આર્શીવચન આપશે.

સ્થળઃ શ્રી નકલંક મંદિર (ઠાકોર દ્વારા) સત્ શ્રી આંબેવપીર ધામ, પાળ ગામ, તા.લોધિકા, રાજકોટ રહેશે.

આયોજનને સફળ બનાવવા નિલેશભાઈ ગત (મો.૯૮૨૫૩ ૯૮૮૧૮), મહેશભાઈ ગત (મો.૯૮૯૮૬ ૨૯૯૭૩), જયેશભાઈ વસોયા (મો.૮૧૪૧૪ ૧૧૬૬૯), મયુરભાઈ ભગત, અશોકભાઈ ભગત, મહંત ટીટાભગત, અજય ભગત, લાભભાઈ જળુ, અનીલભાઈ જળુ, પોલાભાઈ મૈત્રા, જયેશભાઈ વસોયા, બાબુભાઈ ટીલાળા, બાબુભાઈ વેકરીયા, જેન્તીભાઈ ટીલાળા, જયેશભાઈ ધામી, ચંદુભાઈ ટીલાળા, કિરીટભાઈ ભુત, પરેશભાઈ વસોયા, મેહુલભાભઈ માટીયા, મેહુલભાઈ ગમારા, પિન્ટુઈ વસોયા, મેહુલભાઈ ચાવડીયા, યોગેશભાઈ શિયાળ, ભીમાભાઈ બવ, ધવલભાઈ ઝાપડા, દીપાભાઈ ટારીયા, લખનાઈ સરશીયા, વિ.જહેમત ઉઠાવી રહ્યા છે.

# ખેલ મહાકુંભ ૨૦૨૫ઃ U-17 ફૂટબોલમાં S.G.V.P રીબડા ચેમ્પિયન બન્યું




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરોટી ઓફ ગુજરાત, ગાંધીનગર આયોજીત જિલ્લા રમતગમત અધિકારી, રાજકોટ ના સંયુક્ત ઉપક્રમે ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત U-17 બોયઝ (રાજકોટ રૂરલ) ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ફાઈનલ્સમાં S.G.V.P રીબડા સ્કૂલની ટીમે અદભૂત ટીમવર્ક દ્વારા પ્રથમ સ્થાન મેળવી જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું. જ્યારે રનર-અપ તરીકે ગોંડલની ગંગોત્રી સ્કૂલની ટીમે ઉત્કૃષ્ટ રમત દેખાડીને દ્વિતીય સ્થાન હાંસલ કર્યું હતું અને સેકન્ડ રનર-અપ તરીકે D.P.Sની ટીમે સતત પ્રયત્ન, શિસ્ત અને નિષ્ઠાના આધારે તૃતીય સ્થાન મેળવ્યું હતું. રાજકોટ જિલ્લામાં રમતગમતની પ્રતિભાને પ્રોત્સાહિત કરવા માટે આવા કાર્યક્રમો સતત આયોજિત થતા રહે છે, જેનાથી યુવાઓમાં સ્પોર્ટ્સમેન સ્પિરિટ અને આરોગ્યમય જીવનશૈલીનો વિકાસ થાય છે.

# ભારતીય માનક બ્યુરો દ્વારા બી.આઈ.એસ. માર્ક ન ધરાવતા ઉત્પાદકો પર કાર્યવાહી

## એકિટવ પ્લસ મેન્યુફેક્ચરર્સ પ્રાઈવેટ લિમિટેડ, ઓમ એનર્જી ઈક્વિપમેન્ટમાં સંગ્રહિત પાણીની ટાંકીઓ, કાચની ટ્યુબ્સ, સોલાર વોટર હીટિંગ સિસ્ટમ સહિતનો માલ જપ્ત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાજેતરમાં ભારતીય માનક બ્યુરો, રાજકોટ શાખાના અધિકારીઓ દ્વારા બી.આઈ.એસ. માર્ક ન ધરાવતા ઉત્પાદકો પર કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં બી.આઈ.એસ. સ્ટાન્ડર્ડ માર્ક વિનાની સંગ્રહિત પાણીની ટાંકીઓ, કાચની ખાલી કરાયેલી ટ્યુબ્સ, સોલાર વોટર હીટિંગ સિસ્ટમ માટેના ઉત્પાદન અને વ્યવસાય કરતી

મેટોડા સ્થિત એકિટવ પ્લસ મેન્યુફેક્ચરર્સ પ્રાઈવેટ લિમિટેડ અને ઓમ એનર્જી ઈક્વિપમેન્ટ કંપની ધ્યાને આવતા આ કંપનીઓ ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

એકિટવ પ્લસ મેન્યુફેક્ચરર્સ પ્રાઈવેટ લિમિટેડ ખાતે શોધ અને જપ્તીની કામગીરી દરમિયાન, વિવિધ પ્રકારની સંગ્રહિત પાણીની ટાંકીઓ, તમામ કાચની ખાલી કરાયેલી ટ્યુબ્સ, સોલાર વોટર હીટિંગ સિસ્ટમ માટે અલગ કદની કુલ ૧૪ ટાંકી વગેરે સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. જેની અંદાજિત બજાર કિંમત રૂ. ૨ લાખ છે. આ તમામ સામગ્રી જપ્ત કરવામાં આવી હતી.

જયારે એકિટવ પ્લસ મેન્યુફેક્ચરર્સ પ્રાઈવેટ લિમિટેડ ખાતે શોધ અને જપ્તીની કામગીરી દરમિયાન, વિવિધ પ્રકારની સંગ્રહિત પાણીની ટાંકીઓ, કાચની ખાલી કરાયેલી ટ્યુબ્સ અને સોલાર વોટર હીટિંગ સિસ્ટમ માટે અલગ કદની કુલ ૫૩ ટાંકી જપ્ત કરવામાં આવી હતી, જેની અંદાજિત બજાર કિંમત રૂ.૭.૫ લાખ છે.

આ કાર્યવાહી કાર્યાલયના નિયામકશ્રી સત્યેન્દ્ર કુમાર પાંડે, નાયબ નિયામક રાહુલ રાજપૂત, સહાયક મહી નિયામક શુભમ અને ટીમ દ્વારા કરવામાં આવી હતી.

બી.આઈ.એસ. ના અધિકારીએ ગ્રાહકોને આઈ.એસ.આઈ. માર્ક સાથે માલના લાઈસન્સ નંબર તપાસવા અને ઉત્પાદનની અધિકૃતતા ચકાસવા માટે બી.આઈ.એસ. કેર એપનો ઉપયોગ કરવાની સલાહ આપી ગ્રાહકોને ઉદ્યોગો દ્વારા આવા દુરુપયોગથી સાવધ રહેવા અને આવા કોઈપણ દુરુપયોગની જાણકારી બી.આઈ.એસ. કાર્યાલયને કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજકોટ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલજીની અધ્યક્ષતામાં યોગ સંવાદ અને સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હેઠળના ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શીશપાલજીની અધ્યક્ષતામાં યોગ સંવાદ અને યોગ સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે, યોગ એ આપણા શરીરને જ નહીં, પણ આપણા મનની ભાવના અને આત્માને પણ પરિવર્તિત કરવાની શક્તિ ધરાવે છે. બહેનોનું જીવન અનેક જવાબદારીઓથી ભરેલું છે. ઘર, પરિવાર, બાળકો, સમાજ - દરેક જગ્યાએ આપણે આપણા શ્રેષ્ઠનું અર્પણ કરીએ છીએ. યોગ એ આપણા પોતાના માટે કરવાની ક્રિયા છે. યોગ કોઈ કસરત નથી, યોગ જીવનશૈલી છે. યોગ દરેક મહિલાનું રક્ષણકવચ છે જે સ્વસ્થ શરીર, શાંત મન અને ખુશ જીવન માટે યોગને આપણા દૈનિક જીવનનો ભાગ બનાવીએ.

ચેરમેન શીશપાલજીએ સહજ અને સરળ શૈલીમાં સૌને યોગ ટ્રેનર બનવા માટે પ્રેરિત કર્યા હતા, તેમજ ટ્રેનરકોચ તરીકે યોગ બોર્ડ સાથે જોડાવાના ફાયદાઓની વિસ્તૃત માહિતી આપી હતી. તેમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલા ધ્યાન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડની સ્થાપના વર્ષ ૨૦૧૯માં કરવામાં આવી હતી, જેનો મુખ્ય હેતુ રાજ્યના દરેક નાગરિકને સ્વસ્થ, નિરોગી અને સંતુલિત જીવન શૈલી પ્રાપ્ત થાય તે છે. યોગ બોર્ડ દ્વારા રાજ્યમાં હાલ ૧૨૦૦ યોગ કોચ, ૧,૫૩,૦૦૦ ટ્રેનર્સ અને ૫૦૦૦ થી વધુ નિશુલ્ક યોગ કક્ષાઓ દ્વારા યોગનો વ્યાપક પ્રસાર કરવામાં આવી રહ્યો છે.

આ પ્રસંગે મેયર નયનાબેન પેઢડિયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડેપ્યુટી કલેક્ટર ચાંદની પરમાર, અગ્રણી ભરતભાઈ બોઘરા, માધવભાઈ દવે ઝોન કો-ઓર્ડિનેટર વંદનાબેન રાજાણી, રાજકોટ જિલ્લા કો-ઓર્ડિનેટર હિતેશભાઈ કાચા, રાજકોટ મહાનગર કો-ઓર્ડિનેટર ગીતાબેન સોજીત્રા અને મીતાબેન તેરૈયા, દર્શનાબેન આહિયા, યોગ કોચ પારૂલ દેસાઈ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# એસ.એસ.સી.આઈ દ્વારા સિક્યુરીટી ટ્રેનિંગ રજીસ્ટ્રેશન કેમ્પનું આયોજન

## તા. ૧ થી ૧૦ ડીસેમ્બર દરમ્યાન રાજકોટ જીલ્લામાં તાલુકા વાઈઝ શાળાઓમાં સિક્યુરિટી ટ્રેનિંગના કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

એ સ . એ સ . સી . આ ઈ . (રીજીયોનલ સિક્યુરીટી એન્ડ ઈન્ટેલીજન્સ સર્વિસ ઈન્ડીયા લીમીટેડ) દ્વારા સિક્યુરીટી ટ્રેનિંગ રજીસ્ટ્રેશન કેમ્પનું આયોજન રાજકોટ જિલ્લાના વિવિધ તાલુકાઓની શાળાઓ ખાતે કરવામાં આવ્યું છે.

આ કેમ્પનું સમય પત્રક આ મુજબ છે. જેમાં ૧ લી ડિસેમ્બર - ૨૦૨૫ ના રોજ પડધરી સરકારી હાઈસ્કૂલ ખાતે, ૨ જી ડિસેમ્બરના રોજ એચ.પી.ખીમાણી હાઈસ્કૂલ, લોધિકા ખાતે, ૩ જી ડિસેમ્બરના રોજ કમરીબાઈ હાઈસ્કૂલ, જેતપુર ખાતે, ૪ ડિસેમ્બરના રોજ ભગવતસિંહજી હાઈસ્કૂલ, ધોરાજી ખાતે, ૫ ડિસેમ્બરના રોજ મ્યુનિસિપલ વિવિધલક્ષી વિદ્યાલય, ઉપલેટા ખાતે, ૬ ડિસેમ્બરના રોજ મોડેલ સ્કૂલ, જસદણ ખાતે, ૭ ડિસેમ્બરના રોજ શ્રી મહારાણા પ્રતાપ વિદ્યાલય, કોટડાસાંગાણી ખાતે, ૮ ડિસેમ્બરના રોજ જામકંડોરણા હાઈસ્કૂલ, જામકંડોરણા ખાતે , ૯ ડિસેમ્બરના રોજ મોંઘીબા હાઈસ્કૂલ ફોર ગર્લ્સ, ગોંડલ ખાતે અને તા. ૧૦ ડિસેમ્બર - ૨૦૨૫ ના રોજ કરણસિંહજી હાઈસ્કૂલ, રાજકોટ ખાતે સવારે ૧૦ થી ૩ કલાક દરમ્યાન સિક્યુરિટી ટ્રેનિંગ માટેના કેમ્પ યોજાશે, તેમ જિલ્લા શિક્ષણ અધિકારી, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# મોરબીના કાલિકા પ્લોટના રહેણાંકમાંથી ૭૦ લીટર દેશી દારૂ સાથે પાંચ પકડાયા, સપ્લાયર ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના અતિ સંવેદનશીલ વિસ્તાર કાલિકા પ્લોટમાં આવેલ રહેણાંકમાં દેશી દારૂનો કાળો કારોબાર ચાલતો હોવાની પ્રખર બાતમીને આધારે શહેર પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો, ત્યારે દરોડા દરમિયાન રહેણાંક મકાનમાંથી ૭૦ લીટર જેટલો દેશી દારૂ મળી આવ્યો હતો. આ સાથે પાંચ આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે દેશી દારૂ આપનાર નવાગામના બુટલેગરનું નામ સામે આવ્યું હતું. ત્યારે પોલીસે તેને ફરાર જાહેર કરી તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળી કે, કાલિકા પ્લોટ શેરી નં. ૪ માં હિતેશભાઈ પોતાના રહેણાંકમાં દેશી પીવાનો દારૂ રાખી તેનું વેચાણ કરે છે, જે મુજબની બાતમીને આધારે પોલીસે તુરંત દરોડો કર્યો હતો. દરોડા દરમિયાન મકાનમાં પાંચ જેટલા શખ્સો દેશી દારૂનો જથ્થો સગેવગે કરતા જોવા મળ્યા હતા. જેથી પોલીસે આરોપી હિતેશભાઈ ઉમિયાશંકરભાઈ દવે ઉવ.૫૭, પ્રકાશભાઈ ઉર્ફે પકો રસિકભાઈ કવાભાઈ હમીરપરા ઉવ.૨૪, અમિતભાઇ કિશોરભાઈ ધોળકિયા ઉવ.૨૦ ત્રણેય રહે. કલીજ પ્લોટ શેરી નં.૪ તાંતગ સુનિલભાઈ ઉર્ફે સુનો ભરારતભાઈ અગેચણીયા ઉવ.૨૭ રહે. વીસીપરા કુલીનગર-૧ મોરબી, અનિલભાઈ ઉર્ફે અનિયો પ્રેમજીભાઈ ચૌહાણ ઉવ.૨૪ રહે. કાલિકા પ્લોટ મોરબી વાળાને અલગ અલગ કેન તથા કોથળીમાં રહેલ ૭૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૧૪,૦૦૦/- સાથે રંગેહાથ ઝડપી લીધા હતા. દરોડા દરમિયાન પકડાયેલ પાંચેય આરોપીની આગવી ઢબે પૂછતાછમાં આ દેશી દારૂ બાબાભાઈ રહીમભાઈ જેડા રહે. નવાગામ તા.મોરબી વાળા પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત આપતા, પોલીસે સપ્લાયર આરોપીને આ કેસના વોન્ટેડ જાહેર કરી તમામ આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માળીયા(મી)ના રોહિશાળા ગામ નજીક ડમ્પરના ઠાઠામાં ટ્રક ઘુસી જતા એકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) ના રોહિશાળા ગામના પાટીયા નજીક અમદાવાદ સ્ટેટ હાઈવે ઉપર અકસ્માતની ઘટનાના આઈસર ટ્રક ચાલકે પોતાનો ટ્રક ગફલતભરી રીતે ચલાવી આગળ જતાં ડમ્પરના પાછળના ભાગે અથડાવતા, આઈસર ટ્રક ચાલકનું ગંભીર ઈજા પહોચતા મોત નીપજ્યું હતું. જ્યારે ટ્રકમાં ક્લીનર સાઈડ બેઠેલ આઈસર ટ્રકના માલીકને ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી. હાલ ઈજાગ્રસ્ત દ્વારા ટ્રક ચાલક વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ, કચ્છ જીલ્લાના સાપેડા ગામે રહેતા જયંતીભાઈ બેચરાભાઈ વરાયા ઉવ.૪૨ને આઈસર ટ્રક રજી.નં. જીજે-૩૯-ટીએ-૭૪૮૫ પોતાની માલિકીનો હોય, ત્યારે તા.૨૧/૧૧ના રોજ આ ટ્રકમાં અમદાવાદથી માલ ભરી ગાંધીધામ જતા હોય ત્યારે આઈસર ટ્રક ડ્રાઈવર વિપુલભાઈ નટુભાઈ પરમાર રહે. રૂદેલ તા.બોરસદ જી.આણંદ વાળા ચલાવતો હોય અને જયંતીભાઈ ક્લીનર સાઈડ બેઠા હોય તે દરમિયાન માળીયા(મી)ના રોહિશાળા ગામ નજીક અમદાવાદ સ્ટેટ હાઈવે ઉપર ડ્રાઈવર વિપુલભાઈ આગળ જતાં ડમ્પરનો ઓવરટેક કરવા જતાં હોય તે દરમિયાન ટ્રક ડમ્પરના પાછળના ભાગે ધડાકા ભેર અથડાતા, ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં વિપુલભાઈનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે જયંતિભાઈને પગમાં ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી. હાલ ઈજાગ્રસ્ત જયંતિભાઈએ અકસ્માત સર્જનાર આઈસર ચાલક મૃતક વિપુલભાઈ સામે માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના રંગપર ગામે રેબન સિરામિકમાં ગેસ લીકેજથી આગઃ પાંચ શ્રમિકો ગંભીર રીતે દાઝ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રંગપર ગામે રેબન સિરામિક કંપનીની ઓરડીમાં ગેસ લીકેજને કારણે આગ લાગી હતી. ઘટનામાં પાંચ શ્રમિકો ગંભીર રીતે દાઝ્યા હતા, જેમને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલના બર્ન્સ વિભાગમાં ખસેડાયા છે. તમામ ઘાયલ શ્રમિકો રાજસ્થાનના વતની હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી અનુસાર, મોરબી તાલુકાના રંગપર ગામે જેતપર રોડ પર આવેલી રેબન સિરામિક કંપનીની ઓરડીમાં ગેસ લીકેજ થવાથી પ્રચંડ ધડાકા સાથે આગ લાગી હતી. આગનું ચોક્કસ કારણ હજી સુધી બહાર આવ્યું નથી, પરંતુ પ્રાથમિક રીતે ગેસ લીકેજને કારણે થયેલી હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. આ દુર્ઘટનામાં ત્રણ સગા ભાઈઓ સુરજ બકસી ઉવ.૨૫, અમન બકસી ઉવ.૨૩, વિનય બકસીઉવ ૧૭ તથા શીવા ભરત ઉવ.૨૩ અને ઈતવાડી બંગાલી ઉવ.૨૨ દાઝી ગયા હતા. આગ લાગતા જ કંપનીના અન્ય કર્મચારીઓએ દોડધામ મચાવી બચાવકાર્ય શરૂ કર્યું અને તમામ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલના બર્ન્સ વિભાગમાં ખસેડવામાં આવ્યા હતા.

જાણવા મળ્યા મુજબ આ પાંચેય શ્રમિકો રાજસ્થાનના વતની છે અને છેલ્લા એકાદ વર્ષથી રેબન સિરામિકની ઓરડીમાં રહી મજૂરીનું કામ કરતા હતા. ઘટના બાદ કંપનીના શ્રમિકોમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. આગનું કારણ જાણવા પોલીસ અને ફાયર વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

# મોરબીના ટંકારા ખાતે આગામી ૨૭ નવેમ્બરના રોજ ઔદ્યોગિક ભરતી મેળો યોજાશે

મોરબી જીલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આગામી તા.૨૭-૧૧-૨૦૨૫ ના રોજ સવારે ૧૧૦૦ કલાકે, રાજકોટ મોરબી હાઈવે આઈ.ટી.આઈ. ટંકારા ખાતે ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં મોરબી જીલ્લાના ખાનગી ક્ષેત્રના વિવિધ નોકરીદાતાઓ ઉપસ્થિત રહીને વિનામુલ્યે પસંદગીની કાર્યવાહી કરશે. ખાનગી ક્ષેત્રે નોકરી મેળવવા ઈચ્છુક, નોનમેટ્રીક /એસએસસી /એચએસસી /આઈટીઆઈ /સ્નાતક વગેરેની લાયકાત ધરાવતા તથા ૧૮ થી ૩૫ વર્ષના વયજૂથમાં સમાવિષ્ટ ઉમેદવારો ભરતી મેળામાં ઉપસ્થિત રહી શકશે. ઈચ્છુક ઉમેદવારોએ તેમના તમામ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, શાળા છોડયાનું પ્રમાણપત્ર, પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ, આધારકાર્ડ, બાયોડાટા વગેરે જરૂરી સાધનિક કાગળો સાથે સ્વ-ખર્ચે ભરતીના સ્થળે, નિયત સમયે અને તારીખે અચુક ઉપસ્થિત રહેવું. આ ભરતી મેળામાં રોજગાર વિનિમય કચેરી ખાતે નામ નોંધણી નહીં કરાવેલા ઉમેદવારો પણ હાજર રહી શકશે તેમ મોરબી જીલ્લા રોજગાર અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# હળવદના ચરાડવા ગામે ઊંચા વ્યાજે નાણા ધરી કડક ઉઘરાણી કરતા પાંચ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના ચરાડવા ગામે વેપારી યુવકને ઊંચા વ્યાજે રૂપિયા આપી તેની કડક ઉઘરાણી કરી પાંચ જેટલા વ્યાજખોર જાનથી મારી નાખવાની ધમકી આપી વેપારીને માનસિક ત્રાસ આપતા હોય જેથી કંટાળી વેપારી યુવકે હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. હાલ પોલીસે આરોપી પાંચેય વ્યાજખોર સામે ગુજરાત નાણા ધીરધાર બાબત અધિનિયમ અને બીએનએસની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




પ્રાપ્ત વિગતો મુજબ, હળવદના ચરાડવા ગામે રહેતા કાળુભાઈ ઉર્ફે નાગજી રૈયાભાઈ ગમારા ઉવ.૨૫ કે જેઓ સીરામીક ટાઈલ્સ બનાવવા સ્લરી(રગડો) અલગ અલગ કારખાને લે-વેચનો વેપાર કરતા હોય ત્યારે આ ધંધામાં ખોટ આવતા તેને આરોપી ભુપેન્દ્રસિંહ ઝાલા, જયરાજભાઈ રાજેશભાઈ ઉર્ફે ચંદુભાઈ પઢીયાર, ધરમભારથી ભરતભારથી, પ્રતિકભાઈ મહેશભાઈ ગોસ્વામી તથા દિપકભાઈ જગદીશભાઈ બાવાજી બધા રહે. ચરાડવા ગામ તા.હળવદ વાળા પાસેથી અલગ અલગ સમયે ઊંચા વ્યાજે રૂ.૧૫.૩૦ લાખ લીધા હોય જે વ્યાજની કડક ઉઘરાણી કરી તેમજ બળજબરીપૂર્વક ફરિયાદી કાળુભાઈ પાસેથી બેન્કના સહી કરેલા કોરા ચેક લઈને જાનથી મારી નાખવાની ધમકી આપતા હોય, ત્યારે ફરિયાદીએ વ્યાજખોરોના ત્રાસથી કંટાળી હળવદ પોલીસ મથકમાં તમામ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના ચંદ્રપુરમાં ફેક્ટરી ગ્રાઉન્ડમાંથી લોડર ટ્રેક્ટરની ચોરી, અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ

વાંકાનેરના ચંદ્રપુર ગામે રિફેક્ટ્રી યુનિટના ખુલ્લા ગ્રાઉન્ડમાંથી અજાણ્યા શખ્સે ડુપ્લિકેટ ચાવી વડે અથવા તો લોક તોડી ૧૨ લાખની કિંમતનું જોન ડિયર લોડર ટ્રેક્ટર ચોરી કરી લઈ ગયા અંગે વાંકાનેર સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. વાંકાનેર સિટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદી સુરેશભાઈ મનોજભાઈ અંબાલીયા ઉવ.૪૧ રહે. મનમંદિર સોસાયટી વાંકાનેર વાળાએ ફરિયાદ નોંધાવી હતી કે, ગઈ તા.૨૦/૧૧ સાંજથી તા.૨૧/૧૧ સવાર વચ્ચેના કોઈપણ સમયે ચંદ્રપુર ગામે મોમીનશા બાવાની દરગાહ પાછળ આવેલા એશિયન રિફેક્ટ્રી યુનિટના ખુલ્લા ગ્રાઉન્ડમાંથી ફરીયાદીની માલીકીનું જોન ડિયર કંપનીનું લોડર ટ્રેક્ટર રજી.નં. જીજે-૩૬-એસ-૩૬૯૧ વાળું કિ રૂ.૧૨ લાખ કોઈ અજાણ્યા ચોર ચોરી કરી લઈ ગયા હોય. હાલ વાંકાનેર સિટી પોલીસે આરોપી વાહન ચોર વિરુદ્ધ ગુનો નોંધી તપાસની તજવીજ શરૂ કરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ભગવતીપરા માં પરીણીતાને પતિએ જ મોતને ઘાટ ઉતાર્યાની કબુલાત

### છેલ્લા દોઢ વર્ષથી વારંવાર માથાકૂટ અને ઘર કંકાસથી કંટાળી પતિએ જ પ્લાન બનાવી અવાવરૂ સ્થળે લઈ જઈ હત્યા કરી નાખી હતી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ભગવતીપરા વિસ્તારમાં આવેલી કોપર ગ્રીન સોસાયટીમાં રહેતી પરિણીતા પાણીપૂરી ખાવા નીકળ્યા બાદ તેની ભેદી નિર્મમ હત્યામા પ્રથમથી જ શંકાના દાયરામાં રહેલા પતિની યુક્તિ પ્રયુક્તિ થી પૂછપરછ કરતા ભાંગી પડેલા પતિએ પત્નીની હત્યા કર્યાની કબુલાત આપી દીધી હતી.

આ અંગેની પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો મુજબ કોપરગ્રીન સોસાયટી બ્લોક નં.૧૬માં રહેતી સ્નેહા ઉર્ફે સેવુ હિતેશભાઈ આસોડિયા ઉંમર વર્ષ ૩૩ વાળીએ શનિવારે સાંજે ૭:૩૦ વાગ્યે પતિ હિતેશભાઈને ફોન કરી પોતે ઘર નજીક જ આવેલા રાજલક્ષ્મી પાર્ક પાસે રેંકડીએ પાણીપૂરીવાળાને ત્યાં પાણીપૂરી ખાવા માટે જાય છે તેમ કહ્યું હતું. આ પછી સ્નેહાએ પોતાનો ફોન ઘરમાં જ ચાર્જિંગ પર મુકી દીધો હતો. ત્યારબાદ ૭૫૬ વાગ્યે તે ઘર બહાર નીકળીને જઈ રહેલી સામે આવેલા સીસીટીવી ફૂટેજમાં જોવા મળી રહ્યું છે. પતિને ફોન કર્યો ત્યારે સ્નેહાએ પતિને પોતાને પાણીપૂરીવાળાને ત્યાં લઈ જવા માટે પણ કહ્યું હતું.

તે દરમિયાન કારખાનેથી કામ પૂર્ણ થઈ જતાં આઠેક વાગ્યા આસપાસ પતિએ સ્નેહાના ફોન ઉપર ફોન કરતાં તેનો ફોન ઉપડ્યો ન્હોતો. ત્યારબાદ ઘેર આવીને જોતાં સ્નેહાનો ફોન ઘરમાં જ ચાર્જિંગ પર પડેલો જોવા મળ્યો હતો. જો કે સ્નેહા ઘણો સમય જવા છતાં ઘેર ન આવતા તેની શોધખોળ શરૂ કરી હતી.

કલાકો સુધી સ્નેહાનો અતોપતો ન મળતા આખરે ૧૨ વાગ્યે બી-ડિવિઝન પોલીસમાં હિતેશ તેમજ અન્ય પરિવારજનો દોડી ગયા હતા, આખી રાત સુધી સ્નેહાની શોધખોળ શરૂકરી હતી, સવારે ૮૩૦ વાગ્યે પોલીસ મથકને રાહદારીએ જાણ કરી હતી કે એક ખુલ્લા પ્લોટમાં મહિલાનો મૃતદેહ પડેલો છે.

જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા આ મૃતદેહ સ્નેહાનો જ હોવાથી તેના પતિ હિતેશ સહિતના પણ સ્થળ પર દોડી ગયા હતા અને પત્નીની બેરહેમીપૂર્વક હત્યા કરાયેલી હાલતમાં મૃતદેહ પડયો હતો.

આ હત્યાની જાણ થતાં જ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી જાદવ, બી-ડિવિઝન પીઆઈ, ક્રાઈમ બ્રાન્ચ સહિતની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

પ્રાથમિક પૂછપરછમાં સ્નેહાના પતિ હિતેશ આસોડિયા પૂછપરછમાં હિતેશે સ્નેહા સાથે કોઈ જ પ્રકારનું મનદુખન હોવાનું નિવેદન આપ્યું હતું રામાં પરંતુ પ્રથમથી જ શંકા ના દાયરામાં રહેલા હિતેશની આગવી ઢબે પૂછપરછ કરતા પોપટ બની ગયેલા હિતેશે પત્નીની હત્યા કર્યાની કબુલાત આપી હતી. હત્યા કરવાનું કારણ પૂછ્વામાં આવતા છેલ્લા દોઢ વર્ષથી દરરોજ માથાકૂટ કરતી હોય તેમજ ઘર કંકાસથી કંટાળી પત્નીની હત્યા કર્યાની કબુલાત આપતા આરોપીને બી ડિવિઝન પોલીસને સોંપવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# રાજકોટમાં પોલીસ વાન ઉપર પથ્થરબાજી કરી તોડફોડ કરનાર ૨૧ ઝડપાયા

### બે જુથ વચ્ચે મારામારીનો કોલ - આવતા પીસીઆર - જતા કર્યો તો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પરના અવધના ઢાળ પર રાત્રે મારામારીનો ૧ કોલ આવતાં પહોંચેલી ગાંધીગ્રામ-૨ પોલીસ મથકની મોબાઈલને લ ટોળાંએ ઘેરી લઈ પથ્થરમારો કરી તેના કાચ ફોડી નાખ્યા હતા. એટલું જ નહીં પોલીસ સ્ટાફ સાથે ઝઘડો - કરી હાકલા-પડકારા પણ કર્યા હતા. જાણ થતાં પોલીસના ધાડા સ્થળ પર - ઉતરી પડયા હતા અને મામલો થાળે - પાડી સ્થળ પરથી અડધો ડઝન શખ્સોની અટકાયત કરી હતી. રાત્રે માનસિંગભાઈ નામના શખ્સે પોલીસને કોલ કરી કહ્યું કે અવધના ઢાળ પર ડેકોરા સ્કાય હિલ્સ પાસે તેની બાજુની ખોલીમાં રહેતાંશખ્સો ઝઘડો કરી રહ્યા છે. જેથી ગાંધીગ્રામ-૨ પોલીસ મથક હેઠળની ૧૧૨ વાનના કોન્સ્ટેબલ ઉમેશભાઈ બાલાસરા, ડ્રાઈવર રવિભાઈ બાલ-ાસરા સાથે સ્થળ પર પહોંચ્યા હતા. જયાં બે ટોળાં વચ્ચે ઝઘડો ચાલતો હતો. જેથી નજીકમાં જઈ ઝઘડો બંધ કરાવ્યો હતો. સાથો-સાથે કોલ કરનાર માનસિંગભાઈને લઈ રવાના થતાં હતા ત્યારે ટોળાએ તેમને ઘેરી લીધા હતા. એટલું જ નહીં બંને પોલીસમેનો સાથે ઝઘડો શરૂ કરી દીધો હતો. તે સાથે જ કોન્સ્ટેબલ ઉમેશભાઈએ ડ્રાઈવર રવિભાઈને મોબાઈલમાં બેસી જવાની અને બીજા પોલીસ સ્ટાફને બોલાવવાની સૂચના આપી હતી.તે વખતે ત્યાં ૧૦ થી ૧૫ શખ્સોનું ટોળું ધસી આવ્યું હતું અને પોલીસની મોબાઈલને ઘેરી લઈ આજે તો પોલીસને જવા દેવા નથી તેમ કહી, હાકલા-પડકારા કર્યા બાદ પથ્થરમારો શરૂ કર્યો હતો.જેને કારણે પોલીસની મોબાઈલના પાછળની લાઈટ તૂટી ગઈ હતી. જાણ થતાં માલવીયાનગર, ભકિતનગર અને ક્રાઈમ બ્રાંચની મોબાઈલ સ્થળ પર પહોંચી ગઈ હતી. પથ્થરમારો કરનાર અડધો ડઝન શખ્સોને પોલીસે કોર્ડન કરી બેસાડી દીધા હતા. ત્યાર પછી કોન્સ્ટેબલ ઉમેશભાઈની ફરિયાદ પરથી ટોળા વિરૂધ્ધ જુદી-જુદી કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો.સ્થળ પરથી બસન્ત માજી, દિનેશ, દિપક નાયક, ઠાકુર, નુરફો અને જલધર નામના શખ્સ સહિત ૨૧ લોકોની અટકાયત કરવામાં આવી હતી. ગાંધીગ્રામ-૨ પોલીસે આ તમામ મજુરોના કોન્ટ્રાકટર ભાવેશ ચૌહાણ (રહે. ઉદયનગર-૨) વિરૂધ્ધ આ મજુરો અંગે પોલીસ સ્ટેશનમાં નહીં જાણ કરવા અંગે જાહેરનામા ભંગ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

# ઉદ્યોગનગર વિસ્તારમાં બુટલેગરના ત્રાસથી લત્તાવાસીઓ ત્રાહિમામ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરના ઉદ્યોગનગર વિસ્તારમાં બુટલેગરના ત્રાસથી સ્થાનિક લોકો હેરાન થઇગયા છે. બુટલેગર સામે કાર્યવાહી કરવા મધરાત્રે એડિવિઝન પોલીસ મથક ખાતે રહેવાસીઓ દોડી ગયા હતા અને ફરિયાદ કરી હતી છતાં પોલીસે કોઈ કાર્યવાહી ન કરતા રહેવાસીઓમાં આક્રોશ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં સ્થાનિકો પોલીસ કમિશનર કચેરી ખાતે ધસી ગયા હતા. જો કે, દોઢ-બે કલાક થવાછ્તા કોઈ અધિકારી રજૂઆત સાંભળવા ન આવતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ ઉદ્યોગનગર વિસ્તારમાં ગજો તરીકે ઓળખાતો ગજેન્દ્ર જાદવ નામનો બુટલેગર સતત દારૂની ખુલ્લેઆમ

વેચાણ સાથે અસામાજિક પ્રવૃત્તિઓ ચલાવે છે. ગજો અને તેની ટોળકી દ્વારા સ્થાનિકોને ધમકાવવાનું, મારપીટ કરવી, તેમજ રિવોલ્વર લઈને દાદાગીરી કરવી જેવી અનેક ઘટનાઓ વારંવાર સર્જાતી હોવાનો આક્ષેપ છે. અનેક ગુના હોવા છતાં ેકાર્યવાહી ન થવાનો આક્ષેપ સ્થાનિકોનું કહેવું છે કે આ બુટલેગર સામે પોલીસ ચોપડે અનેક ગુનાઓ નોંધાયેલા હોવા છતાં તેની વિરુદ્ધ સખ્ત કાર્યવાહી કરવામાં પોલીસ નિષ્ક્રિય નજરે પડી રહી છે. ગઈકાલે રાત્રે સ્કેપના વેપારી સાથે ગજોએ દારૂના નશામાં જાહેરમાં મારપીટ કરી હોવા છતાં એ-ડિવિઝન પોલીસ તરફથી કોઈ કાર્યવાહી ન કરાઈ હોવાનો ગંભીર આક્ષેપ સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યો હતો. સ્થાનિકોએ જણાવ્યું કે ગઈકાલે રાત્રે ૧ વાગ્યે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા છતાં આજે પણ ગજો ખુલ્લેઆમ વ્હોટ્સએપ સ્ટેટસ પર દાદાગીરી દાખવતા વીડિયો મૂકે છે, જે પોલીસે કઈ રીતે તેની સામે કાર્યવાહી કરી નથી તે અંગે ગંભીર સવાલો ઊભા કરે છે. જેથી બુટલેગરના ત્રાસથી મોટી સંખ્યામાં સ્થાનિક લોકો રજૂઆત કરવા પોલીસ કમિશનર કચેરી ખાતે ધસી ગયા હતા. પરંતુ ત્રણ કલાકથી વધુ સમય થઈ ગયા પછી પણ ફરિયાદ સાંભળવા કોઈ જવાબદાર અધિકારી ન આવતા રોષ ફાટી નીકળ્યો હતો. સ્થાનિકોમાં ભારે રોપ છે અને તેઓ તાત્કાલિક કડક પોલીસ પગલાંની માંગ કરી રહ્યા છે. હવે પોલીસ કમિશનર અને શહેર પોલીસ તંત્ર આ પ્રકારના બુટલેગર વિરુદ્ધ સ્પષ્ટ અને દૃશ્યમાન કાર્યવાહી કરે છે કે નહીં તે જોવુ રહ્યું.

# ચોટીલામાં લૂંટને અંજામ આપે તે પહેલા જ ત્રણ બિહારી સહિત પાંચ ઝડપાયા

### પોલીસને જોઈ નાસેલી કારનો પીછો કરતા સરસંજામ સાથે ઘડાયેલ કાવતરાનો પર્દાફાશ દેણું થતા લૂંટ માટે બિહારથી ગુનેગારો બોલાવ્યાંઃ આરોપી બે દિવસના રિમાન્ડ પર



**મુખ્ય સમાચાર, ચોટીલા**

ચોટીલામાં પેટ્રોલીંગમાં રહેલ પોલીસને જોઈ નાસેલી કારનો પીછો કરી તલાશી લેતા લૂંટના સરસંજામ સાથે ત્રણ બિહારી સહિત પાચ શખ્સો સરસાધનો અને તમંચો કારતુસ સહિતના હથિયાર સાથે ઝડપાતા એટીએમ લૂટનો અંજામ નિષ્ફળ બન્યો હતો પોલીસે પાચેય ની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ મેળવી તપાસનો ધમધમાટ હાથ ધરેલ છે.

આ બનાવ અંગે પ્રાપ્ત માહિતી મુજબ ગત રાત્રીના ચોટીલા પોલીસની વાન પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન એક કાર ફુલ સ્પીડમાં નાસી છુટી અવાવરૂ વિસ્તારમાં નાસી છૂટેલ પોલીસે પીછો કરી કારની આડાશમા લપાયેલા પાચ શખ્સોની ઘેરાબંધી કરી તલાશી લેતા આરોપીઓ દ્વારા એસબીઆઈ ના એટીએમ ને તોડી લૂટના મનસુબાનો પર્દાફાશ થતા પોલીસ ચૌકી ઉઠેલ હતી લૂંટને અંજામ આપે તે પહેલાં જ પોલીસના હાથે ઝડપાયેલ ગેંગ પાસે થી હથોડી, કટર, તણી, સ્પ્રે ની બોટલો જેવા સાધનો ઉપરાંત એક તમંચો, બે જીવતા કારતૂસ, છ મોબાઈલ ફોન અને એક કાર સહિત કુલ ૨ લાખ ૬૦ હજારથી વધુનો મુદ્દામાલ મળી જપ્ત કરી , મેહુલભાઈ ઉર્ફે રોહિત સઓ રવજીભાઈ ધીરૂભાઈ મકવાણા, રે. રાજકોટ, ,અજયભાઇ ઉર્ફે અંકિતભાઈ જેરામભાઈ ઉઘરેજા, રે. સુખપરા નવાગામ ચોટીલા સાથે અમિયાવર બિહારના રહેવાસી, રોકીરાજ ઉર્ફે સુરેશસિંગ સુરેશસિંગ કુશવાહ જાતે. મોર્યા ,રવિશંકર રાજુ પ્રસાદ ઉર્ફે રાજુભાઈ શાહ જાતે.ગુપ્તા , બિરૂકુમાર ચંદર્મારામ જાતે.ચમાર ની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ મેળવેલ છે.

સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ આ કાવતરાનો મુખ્ય સૂત્રધાર મૂળ થાનગઢ વિસ્તારનો હાલ ચોટીલાના નવાગામ રહેતો અજય ઉઘરેજા છે તેણે એટીએમ તોડીને રોકડ લૂંટવાની યોજના બનાવી હતી. આ માટે તેણે તેના સંપર્કમાં રહેલા બિહારથી ત્રણ અન્ય શખ્સોને બોલાવ્યા હતા. આ ત્રણેય આરોપીઓના રાજકોટની એક હોટલમાં રહેવાની વ્યવસ્થા મેહુલ મકવાણા નામના શખ્સે કરી હતી.

આરોપીઓએ એટીએમ તોડવા માટે જરૂરી વિવિધ સાધનો પણ ખરીદ્યા હતા. લૂંટ કરતા પહેલાં, તેમણે એટીએમ અને તેની આસપાસના વિસ્તારની રેકી પણ કરી હતી. જોકે, તેમના કાવતરાને અંજામ આપે તે પહેલાં જ પોલીસે પાંચેય શખ્સોને દબોચી લીધા હતા.

પ્રાથમિક તપાસમાં પકડાયેલ પૈકી એટીએમ લૂટવાનું કાવતરૂ ઘડનાર મુખ્ય સૂત્રધારને નાણાકીય દેવું થઈ જતા કાવતરૂ રચ્યું હોવાનું રટણ છે. જે થાનગઢમાં પકડાયેલ ડુપ્લીકેટ નોટ ના ગુનામાં પોલીસના ચોપડે વોન્ટેડ હતો પોલીસ દ્વારા પકડાયેલા આરોપીઓના બે દિવસનાં રિમાન્ડ મેળવી તપાસનો ધમધમાટ હાથ ધરેલ છે

# SNK સ્કૂલમાં વોલીબોલ રમતાં-રમતાં વિદ્યાર્થીનું હૃદય ધબકારા ચૂકી ગયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં આકાશવાણી ચોકમાં આવેલી સ્કૂલમાં વોલીબોલ રમતી વેળાએ ધોરણ ૧૨નો વિદ્યાર્થી અચાનક બેભાન થઈ ઢળી પડયો હતો. સારવારમાં ખસેડાતાં તબીબે મૃત જાહેર કર્યો હતો. એકના એક લાડકવાયા દીકરાના મોતથી માતા-પિતા શોકમાં ગરક થઈ ગયા હતા.

આ અંગેની વિગતો મુજબ, ક્રિસ્ટલ મોલ પાછળ આવેલી પ્લેટિનિયમ હેરિટેજ નામની બિલ્ડિંગમાં રહેતો એસ.એન કે સ્કૂલમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતો આદિત્ય અલ્કેશભાઈ વાછાણી (ઉંમર ૧૮) નામનો યુવક રવિવારે સાંજના સમયે સ્કૂલના ગ્રાઉન્ડમાં મિત્રો સાથે વોલીબોલ રમી રહ્યો હતો. દરમિયાન અચાનક જ આદિત્ય બેભાન થઈ જતા સાથી મિત્રોએ સ્કૂલની સામે જ આવેલી શાંતિ હોસ્પિટલમાં ખસેડયો હતો. જો કે અહીં તબીબે યુવકને મૃત



જાહેર કર્યો હતો. ઘટના અંગે જાણ થતાં પરિવારજનો તેમજ યુનિવર્સિટી પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરિવારજનો પાસેથી જાણવા મળ્યા મુજબ, મૃતકના પિતા અલ્કેશભાઈને મેટોડામાં ફેક્ટરી છે. અને આદિત્ય તેમનો એકનો એક દીકરો હતો. આદિત્યને સ્પોર્ટ્સમાં રુચિ હોય જેથી તે જુદી-જુદી ગેમ રમતો અને રવિવારે પણ મિત્રો સાથે સ્કૂલના ગ્રાઉન્ડમાં વોલીબોલ રમવા માટે ગયો હતો. તે એકદમ ફીટ હતો અને તેને નખમાં પણ રોગ રિસર્ચ કરાવી લોકોને જાગૃત કરવા એવી સમયની માંગ વર્તાય આવે છે. હોવાનું પરિવારે જણાવ્યું હતું. બનાવ અંગે હાલ પોલીસે હાર્ટ એટેક આવ્યો હોવાની આશંકા વ્યક્ત કરી હતી જો કે મોતનું સચોટ કારણ તો પી.એમ રિપોર્ટ આવ્યા બાદ જ સામે આવશે. ઉલ્લેખનીય છે કે, મેદસ્વીતા તેમજ આધુનિક લાઈફ સ્ટાઈલમાં ખોરાકમાં લેતા જંક ફૂડથી યુવાનોમાં હાર્ટ એટેક આવવાનું એક કારણ હોઈ શકે પણ સ્પોર્ટ્સમેન તેમજ રોજ શારીરિક કસરત કરતા યુવાનોમાં પણ છેલ્લા કેટલાક સમયથી હાર્ટ એટેકથી મોતનું પ્રમાણ વધુ હોવાનું જાણવા મળ્યું છે

# રાજકોટમાં ૨.૭૦ લાખના વિદેશી દારૂ સાથે લક્ષ્મીનગરનો શખ્સ ઝબ્બે



### ૪૧૨ બોટલ દારૂ સાથે અભીષેક રાઠોડની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નાના મવા રોડ પર આવેલા લક્ષ્મીનગરના ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે દરોડો પાડી રહેણાંક મકાનમાંથી ૨.૭૦ લાખનો ૪૧૨ બોટલ દારૂના જથ્થા સાથે શખ્સને ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ પરી છે.

જાણવા મળતી વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ એમ. આર. ગોંડલિયાના માર્ગદર્શન હેઠળ પીએસ આઈ વી.ડી.ડોડીયા, હેડ કોન્સ્ટેબલ દિપક ચૌહાણ, રાજેશ જડુ, વિશાલ દવે સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન નાના મવા રોડ પર લક્ષ્મીનગર શેરી નં.૫માં રહેતા અભિષેક સિંહ રાઠોડના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો હોવાની ચોક્કસ બાતમી મળતા પોલીસે દરોડો પાડતા મકાનમાં આરોપી અભિષેકસિંહ નરેન્દ્રસિંહ રાઠોડ હાજર મળી આવ્યો હતો. તેને સાથે રાખે મકાનની તલાશી લેતા ઉપરના માળે રસોડામાંથી અલગ અલગ કંપનીનો વિદેશી દારૂનો જથ્થ મળી આવ્યો હતો. જેથી પોલીસે વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ બોટલ નં.૪૧૨ કિં.૨,૬૯,૬૧૪ અને મોબાઇલ મળી કુલ રૂ. ૨,૭૪,૬૧૪નો મુદ્દામાલ કબજે કરી આરોપી અભિષેક સિંહ રાઠોડની ધરપકડ કરી આ દારૂનો જથ્થો કોની પાસેથી લાવ્યો તે અંગે પૂછપરછ હાથ ધરી છે.

# ખીરસરામાં માસુમ દિકરીને સ્તનપાન કરાવવાનું કહેતા પત્નિની આત્મહત્યા

### માતાએ ફાંસો ખાઈ આપઘાત કરતા સાત માસની પુત્રી નીરાધાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવાડ રોડ પર આવેલા ખીરસરા જીઆઇડીસીમા શ્રમીક પરીણીતાએ ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો . આ ઘટનામા પતિએ તેની સાત મહીનાની દીકરીને સ્તનપાન કરાવવાનું કહેતા પત્નીને લાગી આવ્યુ હતુ. જેથી તેમણે આ પગલુ ભરી લીધુ હતુ. આ ઘટના બાદ મેર્ટોડા પોલીસે મૃતકનાં પતિનુ નીવેદન લીધુ હતુ. પરીણીતાનાં મોતથી સાત મહીનાની માસુમ દીકરીએ માતાની છત્ર છાયા ગુમાવી દીધી હતી. આ અંગેની વિગતો મુજબ ખીરસરા જીઆઇડીસીમા રહેતા મમતાબેન



રીંકુભાઇ વસુનીયા (ઉ. વ. ૨૮ ) નામનાં પરીણીતાએ સાંજનાં સમયે પોતાનાં રુમમા દોરી બાંધી ગળેફાંસો ખાઇ લેતા તેમને સારવાર માટે રાજકોટની હોસ્પીટલમા ખસેડાઈ હતી.

જયા તેનુ સારવાર દરમ્યાન મૃત્યુ નીપજતા તેનો મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવીલ હોસ્પીટલે ખસેડવામા આવ્યો છે. ત્યારબાદ હોસ્પીટલ ચોકીનાં સ્ટાફે આ ઘટનાં અંગે મેટોડા પોલીસને જાણ કરતા મેટોડા પોલીસ પણ સિવીલ હોસ્પીટલે પહોંચી ગઇ હતી અને મૃતકનાં પતિનુ નીવેદન લીધુ હતુ. આ ઘટનામા પોલીસને જાણવા મળ્યુ હતુ કે મૃતક પરીણીતા મુળ મધ્ય પ્રદેશનાં વતની છે . હાલ તેમનાં પતિ સાથે અહીં કડીયા કામ કરી પરીવારનુ ગુજરાન ચલાવતા હતા. તેમને ૭ મહીનાની એક દીકરી છે . પતિએ દીકરીને સ્તનપાન કરાવવાનું કહેતા મમતાબેનને લાગી આવ્યુ હતુ. જેથી તેમણે ગળેફાંસો ખાઇ જીવન ટુકાવી લીધુ હતુ. મમતાબેનનાં મૃત્યુથી છ મહીંનાની માસુમ દીકરીને માતાની છત્ર છાયા ગુમાવી દીધી છે.

# રીક્ષાની ઠોકરે ઘવાયેલા બાઈક ચાલકનું સારવાર દરમ્યાન મોત

### અનવરભાઈ મિત્રનું મકાન જોવા જતા હતા ત્યારે રસ્તામાં નડયો અકસ્માત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા રોડ પર ભરત વન સોસાયટીમા રહેતા ૫૩ વર્ષનાં પ્રૌઢ ચારેક દીવસ પહેલા સવારનાં સમયે બાઈક લઈ દુધસાગર રોડ પરથી પસાર થતા હતા ત્યારે રીક્ષાનાં ચાલકે હડફેટે લેતા તેમને સારવાર માટે ખાનગી હોસ્પીટલમાં ખસેડાયા હતા જયા તેનુ સારવાર દરમ્યાન મૃત્યુ નીપજયુ હતુ. આ ઘટનામા થોરાળા પોલીસનાં સ્ટાફે મૃતકનાં સબંધીની ફરીયાદ પરથી અકસ્માત સર્જી ભાગી ગયેલા રીક્ષા ચાલક વિરુધ્ધ ફરીયાદ કરવા



તજવીજ શરુ કરી છે. વધુ વિગત મુજબ કોઠારીયા રોડ પર ભરત વન સોસાયટીમાં રહેતા અનવરભાઈ હાજી અલ્લારખા મકવાણા (ઉ. વ. ૫૩ ) નામનાં પ્રૌઢ ગઇ તા. ૧૯-૧૧ નાં રોજ સવારના સમયે પોતાનુ બાઈક ચલાવી દુધસાગર રોડ પર આવેલી ફારૂકી મસ્જીદ પાસેથી પસાર થતા હતા ત્યારે રીક્ષાનાં ચાલકે ઠોકરે લેતા તેમને ગંભીર હાલતમાં સારવાર અર્થે મધુરમ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયા અનવરભાઇનુ સારવ-ાર દરમ્યાન ગઈકાલે મોત નીપજતા પરીવારમા માતમ છ્વાઈ ગયો છે. અનવરભાઈને સંતાનમા એક દીકરો અને બે દીકરી છે અને પોતે ૪ ભાઈ અને ૪ બહેનમાં બીજા નંબરનાં હતા અને તેઓને ગેરેજ અને બેટરીની દુકાન માલીયાણ પાસે આવેલી છે. તેમજ જયારે અકસ્માતની ઘટના બની તે દિવસે તેઓ મિત્રનુ મકાન જોવા જતા હતા . ત્યારે આ ઘટના બની હતી.

# માલિયાસણ નજીક અજાણ્યા વાહનની હડફેટે મહિલાનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈ-વે જાણે અકસ્માતનું હોટસ્પોટ બની ગયું હોય તેમ માલિયાસણ નજીક અજાણ્યા વાહનની ઠોકરે આવતા ૪૦ વર્ષિય મહિલાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું છે.

આ અંગેની વિગતો મુજબ માલિયાસણ ગામે રહેતા ૪૦ વર્ષિય ચંદ્રીકાબેન કિશનસિંહ રાજપૂત સોમવારે સાંજના ૬-૩૦ વાગ્યે કુવાડવા ગામ તરફથી ચાલીને ઘર તરફ આવતા હોય ત્યારે ત્રિ મંદિર નજીક પૂરપાટ ઝડપે ધસી આવેલા કોઈ અજાણ્યા વાહને ચંદ્રીકાબેનને ઠોકરે લીધા હતા. આ ઘટનામાં તેઓને માથે, શરીરે ગંભીર ઈજા પહોંચી હોય જેથી ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. અહીંથી પસાર થતાં કેટલાક રાહદારીઓએ ચંદ્રીકાબેન પાસે રહેલા મોબાઈલ નંબરના આધારે તેમના પુત્ર યુવરાજસિંહનો સંપર્ક કરીને બનાવની જાણ કરી હતી. ઘટના અંગે જાણ થતાં કુવાડવા રોડ પોલીસ મથકના એએસઆઈ મયુરસિંહ સહિતનો પોલીસ કાફલો દોડી ગયો હતો.

પરિવારજનો પાસેથી જાણવા મળ્યા મુજબ ચંદ્રીકાબેનના પતિ કિશનસિંહ ટ્રક ડ્રાઈવર હોય અને હાલ તેઓ ચેન્નઈ ફેરા માટે ગયા છે. તેઓને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે અજાણ્યા વાહન ચાલકની શોધખોળ હાથ ધરી તેને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગર રોડ ઉપર ખાટુ શ્યામ મંદિરની દાનપેટી તોડનાર ગઠીયો પકડાયો

### આરોપી ગાંજાનો વ્યસની હતો અને નશા માટેના પૈસા ખૂટતાં મંદિરમાં ચોરી કરીઃ અગાઉ પણ ચાર મંદિરોમાં આવી રીતે હાથ સાફ કરી ચૂક્યો છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જામનગર રોડ ખાટું શ્યામ મંદિરની દાનપેટી તોડનાર શખસને ગાંધીગ્રામ પોલીસ મથકના સ્ટાફે દબોચી લીધો છે. આરોપી ગાંજાનો વ્યસની હોય ત્યારે નશા માટેના પૈસા ખૂટતાં મંદિરમાં ચોરી કરી હોવાનું સામે આવ્યું હતું તેમજ તે અગાઉ ચાર મંદિરોમાં આવી જ રીતે હાથ સાફ કરી ચૂક્યો છે.

આ અંગની વિગતો મુજબ, ગત તારીખ ૨૧/૧૧/૨૫ ની મોડી રાત્રે જામનગર રોડ સૈનિક સોસાયટી પાસે નવા બની રહેલા ''ખાટુ શ્યામ' મંદિરની દાનપેટી તોડીને કોઈ શખસ તેમાંથી રોકડ ૬૫૦૦૦ ચોરી ગયો



હતો. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં અહીં સેવા કરતા પુજારીએ ફરિયાદ નોંધાવતા ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. બનાવ અંગે પીઆઈ એસ. આર.મેઘાણીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ.વી જાડેજા અને વી.ડી.રાવલીયા તપાસ કરી રહ્યા હોય ત્યારે હેડ કોન્સ્ટેબલ રવિ ગઢવી અને સહદેવસિહ જાડેજાને મળેલી બાતમીના આધારે ચોરીને અંજામ આપનાર આરોપી વિવેક બિરેન્દ્રસિગ ચૌહાણ ( ઉંમર ૩૯ રહે. ગ્રીનલેન્ડ ચોકડી રામદેવ સ્ટોલ પાસે ચેતન્ય એપાર્ટમેન્ટમાં) ને દબોચી લઈ તેની પાસેથી ૧૮૭૦ રૂપિયા રોકડા કબ્જે કર્યો હતા.

તપાસમાં સામે આવ્યું હતું કે, આરોપી વિવેક ગાંજાને વ્યસની હોય ત્યારે નશાના પૈસા ન હોવાથી તેણે આ ચોરી કરી હતાં અને અગાઉ પણ તેણે રાજકોટના ચાર મંદિરો આવી રીતે હાથ સાફ કર્યો છે જે તમામ કેસમાં ગુનો દાખલ થઈ ચૂક્યા છે.